Thursday 30, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વાપી મહાનગરપાલિકા તથા વલસાડ, પારડી, ધરમપુર અને ઉમરગામની નગરપાલિકાઓમાં ડામર રોડ ભૂતકાળ બનશે

# તમામ રસ્તા સિમેન્ટ-કોંક્રિટના બનશે

**રસ્તાઓ તુટવાની સમસ્યાનો કાયમી નિવારણ લાવવા ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય : કેબિનેટમંત્રી કનુભાઈ દેસાઈએ મુખ્યમંત્રીનો આભાર વ્યકત કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** ગુજરાત સરકારની કેબિનેટે રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાના આંતરિક રસ્તાઓ હવે ડામરના બદલે સિમેન્ટ-કોંક્રિટના બનાવવાનો મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણયથી વાપી મહાનગરપાલિકા વિસ્તારના રસ્તાઓ પણ આગામી સમયમાં વધુ મજબૂત, ટકાઉ અને લાંબા સમય સુધી ખાડા મુક્ત રહેવાની આશા કરવામાં આવી રહી છે. હાલમાં વાપીમાં ગાંધી સર્કલથી રેલવે સ્ટેશન સુધી તેમજ જુનો રેલવે અંડરબ્રિજ માર્ગ, અને વાપી ટાઉનના અલકાપુરી સોસાયટી શાકભાજી માર્કેટ વિસ્તાર તેમજ મુખ્ય બજારથી કચી ગામ સાઈબાબા મંદિર સુધીના કેટલાક માર્ગો સિમેન્ટ કોંક્રિટના બનાવવામાં આવ્યા છે. હવે રાજ્ય સરકારના નવા નિર્ણય બાદ વાપી મહાનગરપાલિકાના અન્ય આંતરિક રસ્તાઓ પણ તબક્કાવાર સીસી રોડમાં પરિવર્તિત થશે.

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ સીસી રોડ બનાવવાનો ખર્ચ ડામરના રસ્તાની સરખામણીએ અંદાજે ૩૦થી ૪૦ ટકા વધુ થાય છે. તેમ છતાં ભારે વરસાદ, પાણી ભરાવાની સ્થિતિ અને સતત વાહનવ્યવહારનો સામનો કરવામાં સિમેન્ટ કોંક્રિટના રસ્તાઓ વધુ મજબૂત અને લાંબા સમય સુધી ટકાઉ સાબિત થાય છે. સરકારનું માનવું છે કે દર વર્ષે ચોમાસા બાદ રસ્તાઓના સમારકામ પાછળ થતો મોટો ખર્ચ ઘટશે તેમજ રસ્તાઓ પર પડતા ખાડાઓની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે, આગામી સમયમાં આ યોજનાનો વ્યાપ ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમા પણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.



વાપીના સલવાવ ખાતે આવેલા બાપા સીતારામ આશ્રમમાં ગત માર્ચ મહિનામાં નવનિર્મિત મંદિરમાં ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા બાદ પ્રથમ ગુરુપૂર્ણિમાના પાવન દિવસે આજે ભક્તિભાવથી ભરપૂર ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સવારથી જ પૂ. બજરંગદાસ બાપાના દર્શન માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. સાંજે મહાઆરતી બાદ આશ્રમ પરિસર ભજન-કીર્તન અને ગરબાની રમઝટથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ભક્તો માટે ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડી રાત સુધી ભક્તોનો ધસારો યથાવત રહ્યો હતો. આશ્રમ ટ્રસ્ટીઓ અને સેવકોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

**પેપર લીક બિલ અંગે બોલવાની તક ન મળતાં**

## દમણના અપક્ષ સાંસદ ઉમેશ પટેલ નારાજ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે શિક્ષણ અને પરીક્ષા સુધારણા બિલ પર ચર્ચા દરમિયાન નાના પક્ષો અને સ્વતંત્ર સાંસદોને બોલવાની તક ન મળવા પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનોને લગતા મુદ્દાઓ પર પોતાના સૂચનો આપવા માંગતા હતા, પરંતુ તેમને ગૃહમાં બોલવાની તક આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. ઉમેશ પટેલે એમ પણ કહ્યું કે શૂન્યકાળ દરમિયાન તેઓ તેમના સંસદીય મતવિસ્તારમાં તાજેતરમાં થયેલા પાણી ભરાવા અને મધુબન ડેમમાંથી છોડવામાં આવેલા પાણીથી -ભાવિત લોકોના મુદ્દાઓ ઉઠાવવા માંગતા હતા, પરંતુ ગૃહમાં થયેલા હોબાળાને કારણે આ પણ શક્ય બન્યું નહીં.

વિરોધમાં, સાંસદ ઉમેશ પટેલ, સાંસદ રાજકુમાર રોત, વિશાલ પાટિલ, હનુમાન બેનીવાલ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને સંસદના મકર ગેટ પર શાંતિપૂર્ણ -દર્શન કર્યું.

તેમણે કહ્યું કે લોકશાહીમાં, નાના પક્ષો, સ્વતંત્ર સાંસદો અને નાના રાજ્યો અને કેન્દ્રશાસિત -દેશોના -તિનિધિઓને તેમના વિચારો વ્યક્ત કરવાની સમાન તકો મળવી જોઈએ.

## વાપીને હવે પછી ડૂબતું બચાવવા નગર આયોજનના ફોરેન્સિક ઓડિટની જરૂર

**વાપીમાં કુદરતી ખણકી અને કાંસ જ્યાં જ્યાં પુરાઈને બાંધકામો થયા છે તેવા સ્થળે રેકોર્ડ તપાસીને ફરીથી ખુલ્લી કરવાની જરૂરી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** વાપી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક વહીવટી તંત્રની બેદરકારીને લઈ ઠેર ઠેર દર વર્ષે પાણી ભરાવાના બનાવ તેમજ અનેક લોકો મુશ્કેલીમાં મુકાય છે તે માટે જવાબદાર માત્રને માત્ર આડેધડ બાંધકામ માટે આપવામાં આવેલી મંજૂરી તેમજ કુદરતી કાનસ તેમજ કુદરતી ખનકી ને પૂરી દેવાની અને તેના ઉપર બાંધકામ કરાયા હોવાને કારણે દર ચોમાસે વાપીવાસીઓએ પાણી ભરાવાના બનાવથી મુશ્કેલીમાં મુકાવું પડે છે.

આ અંગે ગુજરાત સરકારના એક મહેસુલ વિભાગના તેમજ ઉચ્ચ હોદ્દો ધરાવતા અધિકારી દ્વારા જણાવાયું કે ગુજરાત રાજ્ય કે દેશના કોઈપણ ભાગમાં આવેલ કોતર ખનકી, નદી, તળાવ કે નહેર વિભાગની કેનાલને પુરવા માટેની સત્તા કોઈની પણ પાસે કે બંધારણ પાસે નથી એટલે કે કુદરતી વહેણનો રૂટ બદલવો શક્ય નથી તો વલસાડ જિલ્લામાં અને ટુકવાડા-વાપી વિસ્તારમાં કુદરતી ખનકી પુરાઈ ગઈ છે અને તેના વહેણ પણ બદલાયેલા છે. તે અંગે મહાનગરપાલિકા તેમજ મામલતદાર વિભાગ અને મહેસુલ વિભાગ દ્વારા જુના નકશા મેળવી દબાણો દૂર કરવામાં આવે તેની જરૂર છે.

વાપીમાં દર વર્ષે ભારે વરસાદ બાદ પાણીના નિકાલ, રસ્તાઓની સફાઈ અને તાત્કાલિક રાહત કામગીરી હાથ ધરવામાં આવે છે, પરંતુ આ માત્ર કામચલાઉ ઉપાય છે. શહેરને વારંવાર પૂર જેવી સ્થિતિમાંથી બચાવવા હવે સમગ્ર શહેરી આયોજનનું સ્વતંત્ર ફોરેન્સિક ઓડિટ કરાવવાની માંગ ઉઠી રહી છે.

નિષ્ણાતોના મતે શહેરની તમામ મુખ્ય વરસાદી પાણીની કુદરતી ખનકી, કોતરો અને ડ્રેનેજ માર્ગોનો સર્વે કરી જૂના મહેસૂલ રેકોર્ડ, ટાઉન પ્લાનિંગના નકશા, વિકાસ યોજનાઓ, મંજૂર બાંધકામના નકશા, સેટેલાઈટ તસવીરો અને હાલની સ્થળ પરિસ્થિતિનો અભ્યાસ થવો જોઈએ. જ્યાં કુદરતી જળમાર્ગો સાંકડા કરવામાં આવ્યા હોય અથવા તેમના પર બાંધકામ થયું હોય ત્યાં મૂળ પરિસ્થિતિમાં પુનઃસ્થાપિત કરવા માટે કાર્યવાહી જરૂરી છે. સાથે જ શહેરની મોટી સોસાયટીઓ અને કોમર્શિયલ ઈમારતોનું ભૌતિક નિરીક્ષણ કરીને મંજૂર નકશા મુજબ બાંધકામ થયું છે કે નહીં તેની તપાસ થવી જોઈએ. રસ્તાની પહોળાઈ, ડ્રેનેજ લાઈન, પાર્કિંગ, રક્ષણ દિવાલો અને અન્ય અવરોધોનું સ્વતંત્ર માપ પણ જરૂરી બન્યું છે. આ વખતના વરસાદમાં પાણી માત્ર ઘરો અને દુકાનોમાં જ નહીં, પરંતુ શહેરના વિકાસ સંબંધિત મંજૂરીઓ અને આયોજન પર પણ ગંભીર પ્રશ્નો ઉભા કરી ગયું છે. જો કુદરતી જળમાર્ગો પર દબાણ થયું હોય, ડ્રેનેજ માર્ગો અવરોધાયા હોય અને છતાં બાંધકામોને મંજૂરી આપવામાં આવી હોય, તો ઘરોમાં ઘૂસેલું પાણી માત્ર વરસાદી પાણી નથી, પરંતુ આયોજનની નિષ્ફળતા, દેખરેખના અભાવ અને સંભવિત વહીવટી જવાબદારીનું પ્રતિબિંબ છે. વાપીના નાગરિકો હવે દર વર્ષે વરસાદ ખૂબ ભારે હતો જેવા કારણો સાંભળવા માંગતા નથી. તેઓ જાણવા માંગે છે કે શહેરની કુદરતી પાણીની ચેનલો ક્યાં હતી, તે કેવી રીતે બદલાઈ, કોને મંજૂરી આપી અને તે સમયે જવાબદાર અધિકારીઓ શું કરી રહ્યા હતા. કારણ કે મૂળ પ્રશ્ન વરસાદ પડવાનો નથી. મૂળ પ્રશ્ન એ છે કે વરસાદી પાણી પોતાના કુદરતી માર્ગે કેમ વહેતું ન રહ્યું? તેવા અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

જોકે દર વર્ષે વાપી માં માત્ર ચાર ઈંચ થી વધુ વરસાદ આવે એટલે રેલવેના અંડરબ્રીજ તેમજ નીચાણવાળા ભાગોમાં હંમેશા પાણી ભરાઈ રહે છે જે અંગે તાત્કાલિક જિલ્લા ડિઝાસ્ટર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તપાસ હાથ ધરવે અને જે વિસ્તારમાં સરકારી જમીન તેમજ કુદરતી કાનસ ઉપર દબાણ થયું હોય ત્યાં ખુલ્લા કરાવવાની જરૂર છે. અગાઉ વાપી જીઆઈડીસીથી નીકળતી અને ઉલ્લેખ નદીને મળતી બિલખાડીના કિનારા ઉપર દર વર્ષે વરસાદી પાણીથી લોકોને ભારે નુકસાન થતું હતું. જે અંગે કનુભાઈ દેસાઈ દ્વારા જિલ્લા સંકલનની બેઠકમાં તેમજ વિધાનસભામાં રજૂઆત કરી બિલખાડીના દબાણો દૂર કરાવ્યા અને ત્યારબાદ પાણી ભરાવાના બનાવ બનતા નથી. તેવી કામગીરી વાપી ટાઉનમાં પણ થાય તેવી લોકો નાણામંત્રી કનુભાઈ દેસાઈ ઉપર મીટ માંડીને બેઠા છે.

## વલસાડમાં હડકાયેલી ગાયે ૮ લોકોને અડફેટે લીધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૦ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક હડકાયું કૂતરુ ગાયને કરડી ગયા બાદ ગાયને પણ હડકવાની અસરો લાગતા ગઈકાલે સાંજે વિસ્તારમાં બેફામ દોડવા લાગી અને રસ્તે ચાલતા કે ઉભેલા આઠ લોકોને અડફેટે લેતા વિસ્તારમાં ભાગદોડ બચી ગઈ હતી. જે અંગે વોર્ડના કાઉન્સિલરે પાલિકા ફાયર બ્રિગેડ અગ્નિ ગૌરક્ષકની ટીમને જાણ કરતા તેમના દ્વારા રાત્રે ૮:૦૦ કલાકે ગાયનું રેસ્ક્યુ કરવામાં આવતા લોકોને મોટી રાહત મળી હતી.

વલસાડ શહેરના વોર્ડ નંબર ૧૦ વિસ્તારમાં એક ગાયને હડકવાયું કૂતરું કરડી જતાં તેને હડકવાની અસર થઈ હોવાનો એક ગંભીર બનાવ સામે આવ્યો હતો. હડકવાની અસરને કારણે ગાય અચાનક ઉશ્કેરાઈને બેફામ દોડાદોડ કરવા લાગી હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં અને સ્થાનિક રહીશોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં પાલિકા વોર્ડ નંબર ૧૦ ના કાઉન્સિલર વિનોદ શર્મા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમણે તાત્કાલિક નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ તેમજ અગ્નિવીર ગૌરક્ષક ટીમનો સંપર્ક કર્યો હતો. તમામ ટીમોએ સંયુક્ત રીતે સ્થળ પર પહોંચીને ભારે જહમત બાદ ઉશ્કેરાયેલી ગાયને સુરક્ષિત રીતે કાબૂમાં લઈ સફળ રેસ્ક્યુ કામગીરી પાર પાડી હતી.

પાલિકા કાઉન્સિલર વિનોદ શર્મા, અગ્નિવીર ટીમ અને ફાયર બ્રિગેડની સરાહનીય અને તાત્કાલિક કામગીરીને કારણે એક મોટી હોનારત ટળી હતી, જેને પગલે સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો અને તમામનો આભાર માન્યો હતો.

## સાંસદ ધવલભાઈ પટેલે ગૃહમંત્રીને પોતાનો બે વર્ષનો રિપોર્ટ કાર્ડ સોંપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૯ :** ગુરુ પૂર્ણિમાના દિને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે નવી દિલ્હી ખાતે દેશના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ સાથે એક ખાસ બેઠક યોજી હતી. બેઠક દરમિયાન તેમણે તાજેતરમાં વલસાડ જિલ્લામાં થયેલી ભારે અતિવૃષ્ટિ અને તેના પગલે હાથ ધરાયેલા બચાવ તથા રાહત કાર્યોની વિગતવાર માહિતી રજુ કરી હતી. અને વલસાડ જિલ્લો ઝડપથી સામાન્ય સ્થિતિ તરફ પાછો ફર્યો છે. એમ જણાવ્યું હતું.

આ ઉપરાંત, સાંસદના જનસેવાના પૂર્ણ થયેલા બે વર્ષના કાર્યકાળનો વિસ્તૃત રિપોર્ટ કાર્ડ પણ તેમણે ગૃહમંત્રી સમક્ષ રજુ કર્યો હતો. સાથે અને પ્રજાકલ્યાણના કાર્યો, સંગઠનાત્મક બાબતો અને વિસ્તારના સર્વાંગી વિકાસને લગતા વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી વલસાડ-ડાંગ લોકસભા વિસ્તાર તેમજ ગુજરાતના આદિવાસી અંચલોની સામાજિક, રાજકીય અને સંગઠનાત્મક સ્થિતિ અંગે પણ વિગતવાર આદાન-પ્રદાન કર્યુ હતું.

## વલસાડના પૂરમાં રેલ્વેને રૂા. ૧.૨૦ કરોડની બેડશીટ, બ્લેન્કેટનું નુકશાન



**વલસાડની લોન્ડ્રીમાં ધોવા આપેલી ૧૫ હજાર ચાદર અને ૧૨ હજાર તકિયાના કવર તણાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડના કૈલાસ રોડ પર આવેલી એક લોન્ડ્રી માં ધોવા માટે આવેલા રેલ્વેની એક્સપ્રેસ ટ્રેનોમાં વપરાતા ૧૫ હજાર ચાદર અને ૧૨ હજાર તકિયા બ્લેન્કેટ સહિતનો જથ્થો વલસાડમાં આવેલ રેલના પાણીની થાપટે તણાઈ જતા સંચાલકને રૂા. ૧.૨૦ કરોડનું નુકસાન જવાની ઘટના બની છે. રેલના પાણી ઉતારતા શોધખોળ કરતા કેટલીક ચાદર અને તકિયા મળી આવ્યા હતા.

વલસાડ જિલ્લાના ઉપરવાસમાં એક અઠવાડિયા અગાઉ ભારે વરસાદના પગલે જિલ્લામાં ભયાનકપુર આવતા શહેરના નિચાણવાળા વિસ્તારના કૈલાસ રોડ પારડી સાંઢપોર, લીલાપુર વેજલપુર, હનુમાન ભાગડા ઔરંગા નદી કિનારા આવેલા ગામોમાં રેલના પાણી ફરીવડતા ભારે ખાને ખાના ખરાબી થઈ હતી. વલસાડમાં રેલના પાણીથી અનેક લોકો બેઘર અને માલ સામાન થી પાયમાલ થઈ ગયા છે.

પશ્ચિમ રેલવે દ્વારા સુરત ઉધના અને વલસાડ રેલવે વિભાગની ટ્રેનોમાં બ્લેન્કેટ ટુવાલ ચાદર ધોવા માટે તથા જાળવણી માટે લાવવામાં આવતા હતા. આ ધોવાનો કોન્ટ્રાક્ટ વલસાડ શહેરના કૈલાસ રોડ ઉપર આવેલ શેઠીયા નગર વિસ્તારમાં ધ્રુવ યાદવ નામના વ્યક્તિ ને આપવામાં આવ્યો હતો. આ તમામ સામગ્રી રેલ્વે ની માલિકીની છે લોન્ડ્રી સંચાલક ધ્રુવ યાદ આવે જણાવ્યું કે ૨૩મી જુલાઈના રોજ વલસાડ જિલ્લામાં ભારે પડેલા વરસાદના પગલે આવેલા ધસમસ્તા રેલના પાણીથી કૈલાશ રોડ શેઠિયા નગરમાં આવેલ ફેક્ટરીની દિવાલ તૂટી ગઈ અને પાણી ફેક્ટરીમાં ઘૂસી જતા અંદાજે ૧૫ હજારથી વધુ ચાદરો તેમજ ૧૨ હજારથી વધુ તકિયા અને બ્લેન્કેટનો જથ્થો રાખવામાં આવ્યો હતો. પૂરના કારણે આમાંથી મોટાભાગની સામગ્રી પાણીમાં તણાઈ ગઈ હતી. ઘટનાના પગલે અંદાજે ૧ કરોડ ૨૦ લાખ જેટલું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અંદાજ છે.


## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com


## વાપીમાં વેપારી સાથે જમીન પરવાનગીના નામે રૂા.૨.૧૨ કરોડની છેતરપિંડી

**૭૭ અને ૭૩ એ એ વાણી જમીનના કામ માટે ગાંધીનગરના અધિકારી સાથે ઓળખાણ હોવાનું કહી પૈસા પડાવ્યાના આરોપ સાથે ૩ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપીના જમીન વેચાણ-ખરીદીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી ઉત્પલભાઈ બળદેવભાઈ પારેખ (રહે. આંગન, ગોકુલ વિહાર ટાઉનશીપ)એ તેમની સાથે જમીનની પરવાનગી અપાવવાના બહાને રૂ. ૨,૧૨૪૫૦૦૦ની છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ ૩ ઈસમો સામે તા. ૨૮/૦૩/૨૦૨૫ના રોજ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ઉત્પલભાઈએ જણાવ્યું છે કે તેઓ છેલ્લા ૫ વર્ષથી વલસાડ જિલ્લામાં ૭૩,૭૩ એએ વાણી જમીનના વેચાણ માટે કલેક્ટર અને મહેસૂલ વિભાગની પરવાનગી મેળવવાનું કામ કરે છે. વર્ષ ૨૦૨૪માં વાપી, વલસાડ સહિત કુલ ૪ જમીનની ફાઈલ માટે વાપીના રાજેશ ગૌતમનો સંપર્ક થયો હતો. રાજેશ ગૌતમે પોતાની ઓળખ ગાંધીનગર સચિવાલયમાં કામ કરતા કન્સલ્ટન્ટ તરીકે આપી હતી. જે બાદ તેમણે રાજેન્દ્ર જેકડીયાની ઓળખ ગાંધીનગર સચિવાલય વર્ગ ૨ ના અધિકારી તરીકે કરવી હતી, અને ત્રીજી વ્યક્તિ એસ એસ ગોહિલ જેની ઓળખ ગાંધીનગર સચિવાલય વર્ગ ૧ ના અધિકારી તરીકે કરાવી હતી. આ ત્રણેય ઈસમો એ પોતાની ખોટી ઓળખ આપી હતી ફરિયાદી ઉત્પલ ભાઈને વિશ્વમાં લીધા હતાં

ઉત્પલભાઈના જણાવ્યા મુજબ રાજેશ ગૌતમ તેમને તા. ૧૪/૦૩/૨૦૨૪ના રોજ ગાંધીનગર લઈ ગયા હતા. ત્યાં રાજેન્દ્ર એમ. જેકડીયા નામના વ્યક્તિને મળાવ્યા હતા. રાજેન્દ્ર જે કડીયાએ પોતાને મહેસૂલ વિભાગમાં વર્ગ-૨ના અધિકારી તરીકે ઓળખ આપી અને ૩ મહિનામાં કામ પૂરું કરી આપવાની બાંહેધરી સાથે રૂ. ૧૦ લાખની માંગણી કરી હતી.

પૈસાની લેવડ-દેવડ અંગે ઉત્પલભાઈએ જણાવ્યું કે તા. ૧૫/૦૩/૨૦૨૪ના રોજ રૂ. ૫.૧૦ લાખ રાજેશ ગૌતમને આપ્યા. તા. ૧૬/૦૩/૨૦૨૪ના રોજ રૂ. ૪.૯૦ લાખ યુનિયન બેંકમાં જમા કરાવ્યા અને તા. ૧૭/૦૩/૨૦૨૪ના રોજ રોકડા રૂ. ૫.૧૦ લાખ આપ્યા. કુલ રૂ. ૧૦ લાખ લીધા. કુલ ૪ ફાઇલ ની ગાંધીનગર વેચાણ પરવાનગી માટે હતી. જેમાં જેઓના નામની ફાઇલ હતી તેમની સાથે પણ ફરિયાદી એ સીધો સંપર્ક કરાવ્યો હતો જેમની પાસેથી ત્રણેય ઈસમોએ અત્યાર સુધીમાં આંગણિયા મારફત, ઓનલાઈન, રોકડ મળીને ૨ વર્ષમાં કુલ રૂા. ૨.૧૪,૪૫૦૦૦/- પડાવી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ કરી છે. આરોપીઓએ ફરિયાદી સાથે પારિવારિક સંબંધ કેળવી તેનો લાભ લઈ ઠગાઈ કરી હોવાનું જાણવા મળે છે. હાલ તો વાપી જીઆઇડીસી પોલીસે ત્રણેય ઈસમો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

## VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary

SPECIAL OFFERS

- Early Bird Discount — Till 31st March
- FREE Textbooks — From Nursery to Std 10
- Special Concession — On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ડાંગનાં ગારખડીમાં જીઈબીના બેદરકારીથી બળદનું કરંટ લાગવાથી મોત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૨૯ :** ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાના ગારખડી ગામે આવેલી પ્રાથમિક શાળા ગારખડી (બરડા વર્ગ શાળા) ખાતે તંત્ર અને શાળા પ્રશાસનની ઘોર બેદરકારીના કારણે એક ગરીબ ખેડૂતે પોતાનો કિંમતી બળદ ગુમાવવાનો વારો આવ્યો છે. ચોમાસાની ચાલુ સિઝનમાં જ ખેતીના મુખ્ય આધારસમા બળદનું વીજ કરંટ લાગવાથી મોત થતા ગરીબ ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મળતી માહિતી મુજબ, ગારખડી ગામે આવેલી બરડા વર્ગ શાળામાં પાણીની પાઈપલાઈન નાખતી વખતે મોટરનો ઈલેક્ટ્રિક વાયર પણ અયોગ્ય રીતે જમીનમાં જ દાટી દેવામાં આવ્યો હતો. ગઈ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ ગામના ગરીબ ખેડૂત સોમનાથભાઈ કાશીરામભાઈ દેશમુખનો બળદ શાળા નજીકથી પસાર થઈ રહ્યો હતો, તે સમયે જમીનમાં દાટેલા ખુલ્લા વીજ વાયરના સંપર્કમાં આવી જતાં બળદને ભારે વીજ કરંટ લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું દર્દનાક મોત નીપજ્યું હતું. ચોમાસાની ઋતુમાં જ્યારે ખેતીકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે, ત્યારે જ કમાઉ બળદનું મોત થતાં ખેડૂત સોમનાથભાઈ આર્થિક રીતે તદ્દન ભાંગી પડ્યા છે. આ કમનસીબ ઘટના બાદ વીજ કંપની ને જાણ કરવામાં આવતાં તેમના અધિકારીઓએ એવું કહીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો કે, આ વાયર શાળાના સત્તાધીશો દ્વારા જમીનમાં નાખવામાં આવ્યો હતો, જેથી શાળા પરિવારની ભૂલ હોઈ અમે તેમાં કશું કરી શકીએ નહીં. બીજી તરફ શાળાના શિક્ષકો અને તંત્રે પણ પોતાની ભુલ સ્વીકારવાના બદલે હાથ ઊંચા કરી દઈને ખેડૂતને મદદરૂપ થવામાંથી પીછેહઠ કરી લીધી છે.તંત્ર અને શાળા પ્રશાસનની આ સામૂહિક બેદરકારી અને નફફટાઈ સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાને દિવસો વીતી ગયા હોવા છતાં હજુ સુધી ખેડૂતના હિતમાં કે તેમને વળતર આપવા અંગે કોઈ જ સત્તાવાર કાર્યવાહી કરવામાં આવી નથી. હાલમાં ખેતીના ટાણે જ પશુ ગુમાવનાર ગરીબ ખેડૂત સોમનાથભાઈ દેશમુખને યોગ્ય ન્યાય અને યોગ્ય આર્થિક વળતર મળે તેવી લોકમાંગ ઉઠી છે.

## ગણદેવી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં શિક્ષકોની ફરજ સામે વિરોધ

**ગણદેવી, તા.૨૯ :** ગણદેવી તાલુકા ખાંડ સહકારી મંડળી (સુગર ફેક્ટરી) ની આગામી ચૂંટણી સંદર્ભે ૧૦૦ જેટલા શિક્ષકોને ચૂંટણી સ્ટાફ તરીકે સોંપવામાં આવેલી કામગીરી અને ઓર્ડર સામે નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ અંગે શિક્ષક સંઘે નાયબ કલેક્ટર (ચૂંટણી શાખા), કલેક્ટર કચેરી, નવસારીને લેખિતમાં રજૂઆત કરી ઓર્ડર રદ કરવા માંગ કરી છે.

શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રી દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા અનુસાર, RTE ૨૦૦૯ ની વર્તમાન જોગવાઈ મુજબ પ્રાથમિક શિક્ષકોએ માત્ર ગ્રામ પંચાયતથી લઈને લોકસભા સુધીની સરકારી ચૂંટણીઓ, વસ્તી ગણતરી અને આપત્તિ (ડિઝાસ્ટર) વ્યવસ્થાપનની કામગીરી જ કરવાની હોય છે. સહકારી સંસ્થા જેવી બિનશૈક્ષણિક કામગીરી શિક્ષકો પાસે કરાવવી યોગ્ય નથી અને તે RTE ના નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

આ પત્રમાં વધુમાં જણાવાયું છે કે, તાજેતરમાં ગણદેવી તાલુકામાં આવેલા વિનાશક પૂરના કારણે તાલુકાની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું છે. હાલમાં શિક્ષકો શાળાઓને પુનઃ પૂર્વવત કરવા તેમજ પૂર બાદની સ્થિતિને થાળે પાડવા અને રાહત કામગીરીમાં વ્યસ્ત છે.

આવી પરિસ્થિતિમાં શિક્ષકોને બિનશૈક્ષણિક અને સહકારી ક્ષેત્રની ચૂંટણીના હુકમો કરવા ગેરવાજબી છે.

જેથી શિક્ષક સંઘે માંગ કરી છે કે અંગે યોગ્ય કક્ષાએથી ઘટતું કરી શિક્ષકોને અપાયેલા ચૂંટણીના હુકમો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે એવી માંગ કરી છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૩૦-૦૭-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** અષાઢ, એકમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૩ **સૂર્યાસ્ત** ૦૭ :૧૮, **ચંદ્રોદય** - ૦૮:૦૧ **ચંદ્રાસ્ત** - ૦૭:૨૯ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** પારિવારિક જીવનમાં સુમેળ રહેશે. નાણાકીય બાબતોમાં થોડો સંયમ રાખવો અને ઉતાવળમાં નિર્ણય ન લેવો. નોકરીમાં જવાબદારીઓ વધશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે. અટકેલા કાર્યો પૂરા થવાની સંભાવના છે. વેપારમાં નવા સહયોગીઓથી લાભ થશે.

**મિથુન(ક.છ.ઘ) :** બુદ્ધિ અને સમજદારીથી લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે. આવકના નવા સ્રોત ઊભા થઈ શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**કર્ક(ડ.હ) :** ધનલાભના યોગ છે અને માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે. રચનાત્મક કાર્યોમાં રુચિ વધશે.

**સિંહ(મ.ટ.) :** ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. વિરોધીઓથી સાવધ રહેવું. કાર્યક્ષેત્રમાં મહેનતનું યોગ્ય પરિણામ મળશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** પ્રમોશન કે કોઈ સારા સમાચાર મળવાના યોગ છે. ભાગ્યનો સાથ મળશે. મિત્રોની સલાહ આર્થિક રીતે ઉપયોગી સાબિત થશે.

**તુલા (ર.ત.) :** બજેટ સંતુલિત રાખવું. વેપારમાં ભાગીદારીથી લાભ થશે પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. પરિવારમાં શાંતિ જળવાશે.

**વૃશ્ચિક(ન.ય.) :** રોકાણ માટે દિવસ અનુકૂળ છે. જૂના વિવાદોનો અંત આવી શકે છે. કાર્યસ્થળ પર સહકર્મીઓનો સહયોગ મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** ઉત્સાહ અને ઊર્જાથી ભરપૂર દિવસ છે. સમજદારીપૂર્વક કરેલી બચત ભવિષ્યમાં કામ આવશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે.

**મકર(જ.ખ) :** તમારી રાશિમાં જ ચંદ્ર હોવાથી આત્મવિશ્વાસ વધશે. વ્યાપાર અને નોકરીમાં નવી સાખ અને પ્રતિષ્ઠા સ્થાપિત થશે.

**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક લાભ થવાની સંભાવના છે. અચાનક ધન પ્રાપ્તિના યોગ છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને વિવાદોથી દૂર રહેવું.

**મીન(દ.ચ.ઝ.થ.) :** જૂના રોકાણોથી સારો નફો મળી શકે છે. તમારીડ કળા અને હુનરથી કાર્યક્ષેત્રમાં પ્રશંસા મેળવશો.

## ડાંગના યુવાને 'માઉન્ટ યુનમ' શિખર સર કરવા બદલ ફલેગ-ઓફ અપાયું

**આહવા, તા.૨૯ :** ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામના સાહસિક યુવા પર્વતારોહક શ્રી ભોવાન રાઠોડ હિમાચલ પ્રદેશ સ્થિત માઉન્ટ યુનમ શિખર સર કરવાના પર્વતારોહણ અભિયાનમાં સહભાગી થઈ રહ્યા છે.

આ નિમિત્તે આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી, આહવા ખાતેથી નિવાસી અધિક કલેક્ટર એચ. એમ. જણકાટે દ્વારા તેમને ફલેગ-ઓફ આપી, શિખર સર કરવાની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.




આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીત, સરકારી વિનયન કોલેજ, આહવાના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સ્થાનિક પદાધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને યુવા પર્વતારોહક ભોવાન રાઠોડનું મનોબળ વધાર્યું હતું. સાથે જ સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગણદેવીના સરીબુજરંગમાં પુરગ્રસ્તોને ૩૫૦ રાહત કીટનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૮ :** ભારે વરસાદના કારણે ગણદેવી તાલુકાના સરીબુજરંગ ગામે પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. ગામના મોટાભાગના વિસ્તારો જળબંબાકાર થઈ જતાં અને ઘરોમાં પૂરના પાણી ઘૂસી જતાં ગ્રામજનોની ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યું હતું. મુશ્કેલીની આ ઘડીમાં સરીબુજરંગના ગ્રામજનોએ માનવતા અને એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પૂરના પાણી ઓસર્યા બાદ અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક મદદ પહોંચાડવાના આશયથી ગ્રામજનોના સહયોગથી ૩૫૦ જેટલી રાહત કીટ તૈયાર કરવામાં આવી હતી. કીટમાં અનાજ, મસાલા, થાળી સેટ (વાસણ) તેમજ સાડી સહિતની દૈનિક જીવનજરૂરી ચીજવસ્તુઓ સમાવિષ્ટ કરાઈ હતી.

ગામના સરપંચ,માજી તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયત સભ્ય અને ગામના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં મંગળવારે ગામના મોરા ફળિયા અને લુસવાડા વિસ્તારમાં જરૂરિયાતમંદ પૂરગ્રસ્ત પરિવારોને આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુદરતી આફત સમયે ગ્રામજનો દ્વારા કરાયેલી આ કામગીરી પૂરગ્રસ્તો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે અને અસરગ્રસ્ત પરિવારોને મોટો પ્રાથમિક સહારો મળ્યો છે.

## આહવા કોલેજ ખાતે 'ગુરુપૂર્ણિમા-ગુરુવંદના કાર્યક્રમ'ની ઉજવણી કરાઇ

**આહવા, તા.૨૯ :** સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા-ડાંગ ખાતે આજરોજ ભારતીય સંસ્કૃતિ તથા જ્ઞાન પરંપરાના પાવન પર્વ ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમની શરૂઆત સામુહિક પ્રાર્થના અને પર્વને અનુરૂપ ગુરુ મહાત્મ્ય પ્રગટ કરતા મંત્રગાનથી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ડો.પી.કે.માહલાએ ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણીના હેતુઓ સ્પષ્ટ કર્યાં હતાં અને ઉદાહરણ સહ ગુરુ મહાત્મ્યનું નિરૂપણ કરી કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.



આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડો.ડી.એમ.ગાવિત ઉપસ્થિત રહ્યા હતાં. તેઓએ વૈદિકકાળની પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાને યાદ કરીને આ ગુરુ-શિષ્ય પરંપરાને અવિરત જાળવી રાખવાં સૌને આહ્વાન કર્યું હતું. સાથે ઉપસ્થિત તમામ શિષ્ય-વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ.યુ.કે.ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ IQAC સમિતિના સંકલનમાં રહીને સંસ્કૃત વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## વઘઈથી ગુમ થયેલ યુવતીને પોલીસે પ્રેમીના ઘરેથી શોધી પરિવારજનોને સોંપાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૨૯ :** ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ ૨૪ વર્ષીય યુવતીને પોલીસે હ્યુમન રિસોર્સ અને ટેકનિકલ સોર્સની મદદથી નવસારીના વાંસદા તાલુકાના મહુવાસ ગામેથી તેના પ્રેમીના ઘરેથી સફળતાપૂર્વક શોધી કાઢી છે.મળતી માહિતી મુજબ, વઘઈના સીંગલ ફળીયામાં રહેતા લીલાબેન બુધ્યાભાઈ વળવીની ૨૪ વર્ષીય દીકરી ગત તારીખ ૨૫/૦૭/૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે પરિવારને કશું કહ્યા વગર ઘરેથી નીકળી ગુમ થઈ હતી. આ અંગે વઘઈ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નં. ૧૧/૨૦૨૬ નોંધાવવામાં આવી હતી.

તપાસ દરમિયાન ગુમ થનાર યુવતીનું નિવેદન લેતાં સામે આવ્યું હતુ કે, તેણે પોતે જ તેના પ્રેમી અમિતભાઈ મનુભાઈ પવારને ફોન કરીને આપણે ક્યાંક ભાગી જઈએ તેમ કહ્યું હતું. ત્યારબાદ અમિત ફોર વ્હીલર ગાડી લઈને આવ્યો હતો અને યુવતી પોતાની મરજીથી તેની સાથે ગઈ હતી. બંને પહેલા મુળચોંડ ગામે અમિતના સંબંધીના ઘરે રોકાયા હતા અને ત્યારબાદ વાંસદા થઈને મહુવાસ ગામે અમિતના ઘરે પહોંચ્યા હતા. વઘઈ પોલીસ સ્ટેશનના અ.હે.કો. અશોકભાઈ ભાવસારભાઈ (બ.નં. ૧૮૪) અને તેમની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સનો ઉપયોગ કરી બંનેને મહુવાસ ખાતેથી શોધી કાઢ્યા હતા. પોલીસે યુવતીને સહીસલામત વઘઈ પોલીસ સ્ટેશન લાવી તેના માતા-પિતા અને મોટી બહેનને સોંપી આગળની કાયદેસરની નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ડાંગના આનંદ આશ્રમ દ્વારા આયોજિત નર્મદા યાત્રા સંપન્ન

**સાપુતારા, તા.૨૯ :** ડાંગના પ્રસિદ્ધ આનંદ આશ્રમ દ્વારા રવિવારે નર્મદા તટની તૃતીય એક દિવસીય નર્મદા યાત્રા નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ યાત્રાનો ઉદ્દેશ્ય નર્મદા કિનારાના સિદ્ધ સંતોના દર્શન, સત્સંગ અને સેવા-ભાવને જન-જન સુધી પહોંચાડવાનો હતો. યાત્રામાં મંગલેશ્વર, નિકોરા અને કબીરવડ ના પવિત્ર સ્થળોના દર્શન કરવામાં આવ્યા.યાત્રાના મુખ્ય પડાવ ૧. મંગલેશ્વર ધામ અહીં શ્રી ભારદ્વાજ આશ્રમ સેવા ટ્રસ્ટ ના ૧૦૮ વર્ષ પછી સિધ્ધ સંત સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી એ ૨૦૦૩માં સમાધિ લીધી તે સમાધિના દર્શન થયા. આશ્રમમાં અખંડ રામધૂન, સદાવ્રત અને નિઃશુલ્ક સાત્વિક ભોજનની વ્યવસ્થા છે.

સાથે સાથે હરિ રજનીભાઈ આશ્રમ અને દત્તમઢી ના પણ દર્શન કરવામાં આવ્યા. ૨. કબીરવડ નર્મદા પાર બોટ દ્વારા પહોંચીને ૬૦૦ વર્ષ પ્રાચીન અને ૧૦ એકરમાં ફેલાયેલા કબીરવડ ના દર્શન કર્યા. અહીંના એકમાત્ર મહંત શ્રી રાજેન્દ્ર દાસજી સાથે સત્સંગનો લાભ મળ્યો. ૩. નિકોરા - આનંદમા આશ્રમ તથા નિકોરામાં ૨૬ વર્ષથી નર્મદા કિનારે ફેર્ચ શરીર ધારી, ૫૨ વર્ષથી ભારતીય યોગી સ્વામી જયરામદાસજી ના દર્શન અને



સત્સંગનો દુર્લભ અવસર પ્રાપ્ત થયો. એક દિવસમાં સાત સંતોના દર્શન આશ્રમના પ્રમુખ શ્રી દત્તાત્રેય મોરજી એ જણાવ્યું કે આ એક દિવસની યાત્રામાં નર્મદા તટે સાત સંતોના દર્શન થયા.



### પ્રગટેશ્વર ધામમાં ગુરુ ચરણ પૂજન

આછવણી મંદિર ફળિયામાં જ પૂજ્ય પરભુ દાદા અને રમાબાના સાનિધ્યમાં દ્વિદિવસીય ગુરુપૂર્ણિમાની શિવ ભક્તિસભર ગુજરાત-મહારાષ્ટ્રના અનેક શિવભક્તોએ ઉપસ્થિત થઈ વેદ વ્યાસ ભગવાન, કૃષ્ણ ભગવાન અને પૂજ્ય દાદા દાદીના મહારાષ્ટ્રના ડીંડોલી ખાતે ખાસ બનાવેલા ચરણોની પાદુકાનું પૂજન થયું, પરભુ દાદા-બાની પણ પ્રત્યક્ષ પૂજા અર્ચના કરી શિવ ભક્તોએ આશીર્વાદ મેળવ્યા બાદ સૌએ મહાપ્રસાદ લીધો.

## નશા મુક્ત યુવા - વિકસિત ભારત અભિયાન અંતર્ગત

## નવસારીના યુવાનોને રાષ્ટ્રીય સ્તરની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા આહ્વાન

**નવસારી, તા.૨૯ :** મેરા યુવા ભારત, યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા નશા મુક્ત યુવા - વિકસિત ભારતે અભિયાન અંતર્ગત દેશભરના ૧૫ થી ૨૯ વર્ષના યુવાઓ માટે વિવિધ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાનનો હેતુ યુવાઓમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ લાવવાનો, સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો તથા સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા નશા મુક્ત ભારત - વિકસિત ભારતના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો છે.આ અભિયાન હેઠળ સૂત્રલેખન, ચિત્રકલા, વાદ-વિવાદ, નુક્કડ નાટક, સંગીત અને રેપ, નૃત્ય, રીલ મેકિંગ અને શોર્ટ ફિલ્મ તથા સ્લેમ કાવ્ય જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા એમ ત્રણ તબક્કામાં યોજાશે. દરેક સ્પર્ધાના જિલ્લા કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓની પસંદગી કરવામાં આવશે, જ્યારે પ્રથમ ક્રમે વિજેતા સ્પર્ધકને રાજ્ય કક્ષામાં જિલ્લા તરફથી પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. રાજ્ય કક્ષાના વિજેતાઓને તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે. સાથે જ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે લાલ કિલ્લા પર યોજાનાર સ્વતંત્રતા દિવસ પરેડમાં ભાગ લેવાની વિશેષ તક મળશે.

## સુડોકુ નં.૬૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | |
| 5 | | | | | | | | 6 |
| | | | 2 | | 1 | | | |
| | | 2 | 9 | | 6 | 5 | | |
| | 8 | | | | | | 9 | |
| | | 4 | 1 | | 5 | 7 | | |
| | | | 8 | | 4 | | | |
| 2 | | | | | | | | 9 |
| | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૩૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 5 | 8 | 6 | 9 | 2 | 3 |
| 3 | 5 | 9 | 1 | 2 | 7 | 6 | 4 | 8 |
| 6 | 2 | 8 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 1 |
| 7 | 4 | 3 | 2 | 1 | 8 | 5 | 9 | 6 |
| 8 | 1 | 5 | 7 | 6 | 9 | 4 | 3 | 2 |
| 1 | 9 | 4 | 6 | 7 | 2 | 3 | 8 | 5 |
| 2 | 8 | 6 | 4 | 5 | 3 | 7 | 1 | 9 |
| 5 | 3 | 7 | 8 | 9 | 1 | 2 | 6 | 4 |

## ફલધરા જલારામ ધામમાં નદીના પૂરથી લાખોનું નુકશાન

### ૧૫થી વધુ દુકાનો અને ભોજનાલયમાં પાણી ઘૂસ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૨૯ :** વલસાડ જિલ્લાના વલસાડ તાલુકા સ્થિત ફલધરા જલારામ ધામ ખાતે તાજેતરમાં સ્વર્ગવાહિની નદીમાં આવેલા પૂરના કારણે ભારે નુકસાન થયું છે.

પૂરનું પાણી જલારામ ધામ પરિસરમાં ઘૂસી જતા ૧૫થી વધુ દુકાનો, ભોજનાલય તેમજ અન્ય વ્યવસાયિક સ્થળોમાં પાણી ભરાઈ ગયું હતું. અચાનક આવેલા પૂરના કારણે વેપારીઓને પોતાનો માલસામાન બચાવવાનો સમય પણ મળ્યો ન હતો.

પૂરના પાણી ઓસર્યા બાદ દુકાનોમાં કાદવ, ગંદકી અને બગડેલો માલ જોવા મળ્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ અનાજ, ખાદ્ય સામગ્રી, ફર્નિચર, ઈલેક્ટ્રિક સાધનો અને અન્ય ચીજવસ્તુઓને ભારે નુકસાન પહોંચ્યું છે.

પ્રાથમિક અંદાજ મુજબ લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનું જણાવાઈ રહ્યું છે.

પૂરના કારણે જલારામ ધામમાં આવતા ભક્તો અને પ્રવાસીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અનેક કલાકો સુધી જનજીવન પ્રભાવિત રહ્યું હતું અને વેપાર-ધંધા સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા હતા. નુકસાનગ્રસ્ત વેપારીઓ અને સ્થાનિકોએ સરકાર સમક્ષ આર્થિક સહાયની માંગ કરી છે.

તેમનું કહેવું છે કે ઘટનાને દિવસો વીતી ગયા હોવા છતાં હજુ સુધી કોઈ સરકારી અધિકારી દ્વારા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરવામાં આવ્યું નથી

અને સરકાર તરફથી કોઈપણ પ્રકારની સહાય કે વળતરની જાહેરાત પણ કરવામાં આવી નથી.

## અતુલ ગ્રા.પં.ના સફાઈકર્મીઓને ઘણા સમય બાદ સેફટી સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** અતુલ ગ્રામ પંચાયતમાં છેલ્લા ઘણા વર્ષોથી સફાઈ કર્મચારીઓ ગામની સ્વચ્છતા જાળવવાનું કાર્ય નિષ્ઠાપૂર્વક અને સતત કરતા આવ્યા છે. છતાં આજદિન સુધી તેમને કામ દરમિયાન જરૂરી સેફટી સાધનો કે સફાઈ માટેના આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા ન હતા. પરિણામે કર્મચારીઓએ માસ્ક, હેન્ડ ગ્લોઝ, રેનકોટ, સેફટી શુઝ સહિતની મૂળભૂત સુરક્ષા સામગ્રી વિના જ પોતાની ફરજ બજાવવી પડતી હતી. કલેક્ટરશ્રીના સ્વચ્છતા અભિયાનના સૂચનને ધ્યાને રાખીને અતુલ ગામના જાગૃત નાગરિક જેન્યુલ રમેશચંદ્ર પટેલ દ્વારા આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. તેમની રજૂઆતને પગલે તાલુકા વિકાસ અધિકારી સાહેબ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી અને આજરોજ અતુલ ગ્રામ પંચાયત ખાતે તમામ સફાઈ કર્મચારીઓને માસ્ક, હેન્ડ ગ્લોઝ, રેનકોટ, સેફટી શુઝ સહિત જરૂરી સેફટી અને સફાઈ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે સફાઈ કર્મચારીઓએ જેન્યુલભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને તેમના પ્રયાસોની પ્રશંસા સાથે શુભેચ્છાઓ તથા આશીર્વાદ પાઠવ્યા હતા. જેન્યુલ રમેશચંદ્ર પટેલે પણ આ રજૂઆતને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરવા બદલ માનનીય કલેક્ટર તથા તાલુકા વિકાસ અધિકારીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સફાઈ કર્મચારીઓની સુરક્ષા અને સન્માન સુનિશ્ચિત કરવું એ દરેક સમાજની નૈતિક જવાબદારી છે અને ભવિષ્યમાં પણ જનહિતના પ્રશ્નો માટે તેઓ સતત કાર્યરત રહેશે. અને ગામના વિકાસ માટે હર હંમેશ માટે આગળ રહી કાર્યકર્તા રહેશે

## અરનાલા-પાટીની કોલક નદીના કોઝવે પર વાહનવ્યવહાર ફરી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ તા.૨૯ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા, કપરાડા, પારડી અને ધરમપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને જોડતા મહત્વના અરનાલા-પાટી કોલક નદી કોઝવે પર ભારે વરસાદ અને પૂરના કારણે પાણી ફરી વળતાં માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. પૂરના જોરદાર પ્રવાહથી માર્ગનું મોટા પ્રમાણમાં ધોવાણ થતાં ૧૫થી ૨૦ જેટલા ગામોના લોકોની અવરજવર પ્રભાવિત બની હતી. વાપી અને દાદરા-નગર હવેલી સંઘ પ્રદેશમાં રોજગારી માટે જતા હજારો કામદારો તેમજ વિદ્યાર્થીઓને છેલ્લા ૧૦ દિવસથી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

કોઝવે પર સતત પાણી હોવાથી વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહ્યો હતો. જેના કારણે લોકોને લાંબા અંતરનો વિકલ્પ માર્ગ અપનાવવો પડતો હતો. સ્થાનિક વેપાર, ખેતી, શિક્ષણ અને રોજિંદા જીવન પર તેની ગંભીર અસર જોવા મળી હતી.

માર્ગ ખુલ્લો થતાં આસપાસના ૧૫થી ૨૦ ગામોના લોકોને મોટી રાહત મળી છે. રોજગારી માટે વાપી અને સંઘ પ્રદેશમાં જતા હજારો કામદારો, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો હવે સરળતાથી અવરજવર કરી શકશે. સ્થાનિક લોકોએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઝડપથી કામગીરી પૂર્ણ કરીને માર્ગ શરૂ કરવા બદલ સંતોષ વ્યક્ત કર્યો છે તેમજ ભવિષ્યમાં આવી સ્થિતિમાં કાયમી ઉકેલ લાવવા માટે મજબૂત પુલના નિર્માણની માંગ પણ કરી છે.

## ભદેલી નવાપુર પ્રા. શાળામાં સફાઈ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૯ :** શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના રાષ્ટ્રીય સેવા યોજના (અને રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સના સંયુક્ત ઉપક્રમે અતિભારે વરસાદ અને પૂર જેવી વિકટ પરિસ્થિતિને પગલે અસરગ્રસ્ત બનેલી ભદેલી નવાપુરા પ્રાથમિક શાળા, વલસાડ ખાતે આજે વિશેષ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન એન.એસ.એસ.ના ૨૮ જેટલા સ્વયંસેવકો અને એન.સી.સી.ના ૫ જેટલા કેડેટ્સે શાળાના વર્ગખંડો, પ્રાંગણ, રમતગમત વિસ્તાર તેમજ અન્ય સ્થળોએ ભરાયેલા કાદવ, કચરો અને વરસાદથી થયેલા અવશેષોને દૂર કરી સમગ્ર શાળા પરિસરને સ્વચ્છ અને સુઘડ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેમજ આ



સફાઈ અભિયાનમાં એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસરઓ પણ શ્રમકાર્યમાં જોડાયા હતા.

આ સેવા પ્રવૃત્તિનો મુખ્ય હેતુ પૂરગ્રસ્ત શાળાને ફરીથી શિક્ષણકાર્ય માટે યોગ્ય બનાવવાનો તેમજ વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ કરાવવાનો હતો.

તેમજ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવીને આપત્તિના સમયમાં સહયોગનો ઉત્તમ સંદેશ આપવાનો હતો. સ્વયંસેવકો અને કેડેટ્સે સેવાભાવ, સામાજિક જવાબદારી અને માનવતાની ભાવનાથી કાર્ય કરી સમાજ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ સમગ્ર અભિયાન કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વિજયભાઈ આર. ચાંપાનેરીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું.

સ્થાનિક શાળા પરિવારએ એન.એસ.એસ. તથા એન.સી.સી.ના આ સેવાકાર્યની પ્રશંસા કરી અને સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કર્યો. તેમજ શાળા પરિવારવતી સ્વયંસેવકો' માટે ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વયંસેવકોએ ભારે ઉત્સાહ, સેવાભાવ અને સમર્પણ સાથે શ્રમદાન કરીને "Not Me, But You" એન.એસ.એસ.ના સૂત્રને સાચા અર્થમાં સાર્થક કર્યું હતું.

## ભાગલા અને છરવાડામાં અગરિયાઓને મોટુ નુકશાન

### સરપંચે અગરિયાઓની વેદના સરકાર સમક્ષ રજૂ કરી યોગ્ય વળતર આપવા માંગ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** ભારે વરસાદના કારણે દરિયાકાંઠાના અગરોમાં પાણી ભરાઈ જવાથી પાકો પાક ધોવાઈ ગયો છે અને અગરિયાઓની મહિનાઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક સરપંચે આગળ આવીને અગરિયાઓની પીડા અને વેદના સરકાર સમક્ષ ઉઠાવી છે. સરપંચે આ અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અગરિયાઓ કડકડતી ઠંડી અને તડકામાં પરસેવો પાડીને મીઠું પકવે છે. પરંતુ આ વખતે માવઠા અને ભારે વરસાદે તેમની રોજીરોટી છીનવી લીધી છે. અગરો સંપૂર્ણપણે નષ્ટ થઈ જવાથી ના નાના-મોટા તમામ અગરિયાઓ દેવાના બોજ તળે દબાઈ ગયા છે. સરપંચે શાસન અને પ્રશાસન પાસે માંગ કરી છે કે ત્વરિત ધોરણે નુકસાનીનો કાસ અંદાજ મેળવવા સર્વે કરાવવામાં આવે અને આફતગ્રસ્ત અગરિયા પરિવારને આર્થિક સહાય તથા યોગ્ય વળતર ચૂકવવામાં આવે, જેથી તેઓ ફરીથી પગભર થઈ શકે. સ્થાનિક અગરિયાઓમાં હાલ ભારે નિરાશા વ્યાપેલી છે અને તેઓ સરકાર તરફથી વહેલી તકે મદદ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

## પારડીની એન.કે. દેસાઈ કોલેજમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી દ્વારા તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ જયાપાર્વતી વ્રત નિમિત્તે આંતર-ક્લાસ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની થીમ "Monsoon – A Blessing & A Challenge (ચોમાસું – આશીર્વાદ અને પડકાર) રાખવામાં આવી હતી, જેમાં કોલેજના અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ચોમાસાના સકારાત્મક તથા પડકારરૂપ બંને પાસાઓને પોતાની કલાત્મક અભિવ્યક્તિ દ્વારા સુંદર રીતે રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના પ્રાધ્યાપકો પ્રો. આકાંક્ષા પટેલ અને પ્રો. દિવ્યાની પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા પ્રથમ ક્રમાંક ધૃતિ પરિયાકર – એમ.કોમ. દ્વિતીય ક્રમાંક મનસ્વી પટેલ – ટી.વાય. બી.એસસી. તથા હેતવી પટેલ – ટી.વાય. બી.એસસી. તૃતીય ક્રમાંક પ્રિયાંશી પટેલ – ટી.વાય. બી.એસસી. અંતે, કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. દિપેશ શાહ અને સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ તથા ટ્રસ્ટીઓએ સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા બનેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમની કલાત્મક પ્રતિભાને બિરદાવી હતી.

## અબ્રામા પોલીસ હેડકવાર્ટર જતો રસ્તો બંધ કરાયો

### રસ્તો બિસ્માર બનતાં વાહનચાલકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ ત્રસ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં સાઈ લીલા મોલથી પોલીસ હેડક્વાર્ટર તરફ જતો મહત્વનો રસ્તો અત્યંત બિસ્માર બની જતાં સુરક્ષા અને સલામતીના કારણોસર તેને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. રસ્તો બંધ કરી દેવાતાં આ માર્ગ પરથી રોજના મોટી સંખ્યામાં વાહનચાલકો, નોકરિયાતો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ રસ્તો લાંબા સમયથી ખાડા રાજ અને ખરાબ હાલતમાં હતો. ચોમાસા અને ભારે વાહનોની અવરજવરને કારણે રસ્તાની સ્થિતિ વધુ દયનીય બની ગઈ હતી, જેના પરિણામે અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો હતો. તંત્ર દ્વારા આખરે રસ્તો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા કે રસ્તાના તાત્કાલિક રિપેરિંગ અંગે કોઈ મજબૂત કામગીરી શરૂ ન કરાતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આ માર્ગ પરથી દરરોજ પોલીસ હેડક્વાર્ટર જતા કર્મચારીઓ, આસપાસની શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ અને નોકરી-ધંધાર્થે નીકળતા લોકો સમયસર પહોંચી શકતા નથી. રસ્તો બંધ હોવાથી અન્ય લાંબા અંતરના રસ્તેથી ચક્કર લગાવીને જવાની ફરજ પડી રહી છે, જેનાથી સમય અને ઈંધણ બંનેનો બગાડ થઈ રહ્યો છે.

## વલસાડની જય અંબે સ્કુલ પુરપીડિતોની વ્હારી આવી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૯ :** દક્ષિણ ગુજરાતમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂરે વલસાડ તાલુકામાં નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા લોકોની ઘરવખરી ને નુકસાન પહોંચ્યું છે. આજરોજ વલસાડ તાલુકાની મગોદ ગામે કાર્યરત જય અંબે સ્કૂલના સંચાલક પરેશભાઈ વાઘડિયા (ડિરેક્ટર) અને વિદ્યાર્થીઓ વલસાડના ભાગડાખુદ ગામે ઘરવખરી ઉપયોગી સહાઈ કીટ, કપડા તેમજ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કૂલબેગનું વિતરણ કરેલ છે જય અંબે સ્કૂલના સંચાલકોએ ૧૫૦ થી વધારે કીટનું વિતરણ હાથ ધયુ છે વલસાડના ભાગડા ખુદ ગામે આજરોજ સ્કૂલના વિદ્યાર્થીઓને સાથે રાખી પુસ્તકો અને સ્કૂલ બેગનું વિતરણ કર્યું હતું અને ભવિષ્યમાં પણ આવી કુદરતી આફતો આવશે તો જય અંબે સ્કૂલના સંચાલકો અને વિદ્યાર્થી ગણ સાત સહકાર માટે હંમેશા તૈયાર રહેશે.

## સેલવાસ મ્યુનિ. દ્વારા પૂર અસરગ્રસ્ત પરિવારોને રાશન કિટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૯ :** ૨૨ અને ૨૩ જુલાઈ દરમિયાન પડેલા ભારે વરસાદ અને જળબંબાકાર બાદ સૌથી વધુ અસરગ્રસ્ત બનેલા આંબેડકર નગરમાં સિલવાસા મ્યુનિસિપલ કાઉન્સિલ (એસએમસી) દ્વારા રાહત અને પુનઃસ્થાપનની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. છેલ્લા ચારથી પાંચ દિવસથી અસરગ્રસ્ત પરિવારોને સહાય પહોંચાડવા તેમજ સફાઈ કામગીરી સતત ચાલી રહી છે. મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ સોમનાથ પાટીલ અને ઉપપ્રમુખ કવિતાએ આપદા વ્યવસ્થાપન વિભાગ તરફથી મળેલી રાશન કિટનું અસરગ્રસ્ત પરિવારોને વિતરણ કર્યું



હતું. પૂર બાદ ઘરો અને રસ્તાઓમાં ભરાયેલા કાદવને દૂર કરવા ફાયર બ્રિગેડના વાહનોની મદદથી વિશેષ સફાઈ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. દરેક પીડિત પરિવાર સુધી સરકારી સહાય પહોંચે તે માટે કાઉન્સિલના જનપ્રતિનિધિઓ અને કર્મચારીઓ દ્વારા ઘર-ઘર જઈ સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

## પરિયારીમાં કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ દ્વારા એડવોકેટ્સ બાર એસોસિએશનના સહયોગથી મંગળવારે પરિયારી ગ્રામ પંચાયતમાં કાનૂની સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રામજનોને તેમના કાનૂની અધિકારો, સરકારી કલ્યાણ યોજનાઓ અને સામાજિક કાયદાઓથી વાકેફ કરવાનો હતો.કાર્યક્રમનું સંચાલન એડવોકેટ કૃણાલી સી. ભંડારી દ્વારા કરવામાં આવ્યું હતું. એડવોકેટ મયંકભાઈ પટેલે આરોગ્ય અધિકારો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ, કૌશલ્ય ભારત મિશન, ડિજિટલ કૌશલ્ય તાલીમ અને NALSA હેઠળ ડ્રગ-મુક્ત ભારત અભિયાન વિશે માહિતી પ્રદાન કરી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે કાનૂની જ્ઞાન અને જાગૃતિ નાગરિકોના




અધિકારોનું વધુ સારી રીતે રક્ષણ કરી શકે છે.આ પ્રસંગે એડવોકેટ મમતા એન. ધોરીએ દહેજ પ્રતિબંધ કાયદા વિશે માહિતી આપતાં દહેજ પ્રથા જેવા સામાજિક દુષણો સામે કાયદાકીય જોગવાઈઓ વિશે માહિતી આપી હતી. એડવોકેટ નૃતિ બી. રાઠોડે ઘરેલુ હિંસા કાયદા હેઠળ મહિલાઓને મળતા કાનૂની અધિકારો અને સહાય વિશે વિગતવાર માહિતી આપી હતી. એડવોકેટ કૃણાલી સી. ભંડારીએ બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન સંબંધિત કાનૂની પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમમાં પરિયારીના સરપંચ ભાવિક હળપતિએ જણાવ્યું હતું કે આવા જાગૃતિ કાર્યક્રમો ગામના લોકોને માહિતી પૂરી પાડશે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ગ્રામજનોએ કાનૂની બાબતોને લગતા પ્રશ્નો પણ પૂછ્યા, જેના જવાબ હિમાયતીઓએ સરળ ભાષામાં આપ્યા. અંતે, એડવોકેટ નૃતિ બી. રાઠોડે ઉપસ્થિત તમામ મહેમાનો અને નાગરિકોનો આભાર માન્યો.

### ભારે વરસાદથી નુકસાન પામેલા પરિવારોને સરકારની સહાય

## કપરાડાના ધારાસભ્ય દ્વારા રૂા. ૩.૬૦ લાખના ચેક અર્પણ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૨૯ :** કપરાડા તાલુકામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે અનેક ગામોમાં રહેણાંક મકાનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. કેટલાક પરિવારોના મકાનો સંપૂર્ણપણે ધરાશાયી થતાં તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. રાજ્ય સરકાર દ્વારા નુકસાનગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત આપવા માટે કુદરતી આપત્તિ સહાય યોજના હેઠળ આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી.

સરકાર દ્વારા મંજૂર કરાયેલી સહાયના ચેક કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે અસરગ્રસ્ત પરિવારોને અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યએ પીડિત પરિવારોની મુલાકાત લઈ તેમને સાંત્વના પાઠવી હતી અને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કુદરતી આપત્તિથી પ્રભાવિત દરેક પરિવારની સાથે મજબૂતાઈથી ઉભી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય



સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે તેમજ કુદરતી આપત્તિના સમયે પાત્ર લાભાર્થીઓને નિયમ મુજબ સમયસર સહાય પહોંચે તે માટે તંત્ર સતત કાર્યરત છે. વેરિભવાડા અને ભવાડા જાગીરી ગામના બે પરિવારોને કુલ ૩.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. જેમાં સોમાભાઈ રડિયાને મકાન સંપૂર્ણપણે ધરાશાયી થતાં ૧,૮૦,૦૦૦ અને કિશનભાઈ હરિભાઈ બારતને પણ ૧,૮૦,૦૦૦ની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ચેક વિતરણ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તથા સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. લાભાર્થી પરિવારોને સરકાર તરફથી મળેલી તાત્કાલિક સહાય બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો અને રાજ્ય સરકાર, જિલ્લા વહીવટી તંત્ર તેમજ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો.

### અનરાધાર વરસાદ વચ્ચે આપત્તિના સમયમાં માનવતાનું અજવાળું

## કરમબેલીમાં સરપંચ અને યુવાનોએ ૨૫ દિવસની બાળકી સહિત માતાને ઉગારી



(પ્રફુલ પટેલ દ્વારા)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં પડેલા અભૂતપૂર્વ અને અનરાધાર વરસાદે અનેક વિસ્તારોમાં જનજીવનને ભારે અસર પહોંચાડી હતી. ખાસ કરીને ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં પૂરની સ્થિતિ સર્જાતા માર્ગો બંધ થઈ ગયા હતા અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. વહીવટી તંત્ર સતત રાહત અને બચાવ કામગીરીમાં વ્યસ્ત હોવા છતાં અનેક સ્થળોએ સ્થાનિક લોકોના સહકાર અને સમયસૂચકતા આશાનું કિરણ બની ઊભા રહ્યા હતા.

ઉમરગામ તાલુકાના કરમબેલી



ગામમાં પણ પૂરના પાણી મોટાભાગના ઘરોમાં ઘૂસી જતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. આ દરમિયાન પોતાના પિયરમાં આવેલી મયુરીબેન મિલનભાઈ ધોડી અને તેમની માત્ર ૨૫ દિવસની બાળકી કિશ્વી પણ ઘરમાં જ ફસાઈ ગયા હતા. ચારેબાજુ પાણી ભરાઈ જતાં બહાર નીકળવાનો કોઈ સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ રહ્યો નહોતો.

આવી કપરી પરિસ્થિતિની જાણ થતાં કરમબેલી ગામના સરપંચ કૌશલભાઈએ ગામના યુવાનો સાથે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘરોમાં ગળાડૂબ પાણી હોવાથી નવજાત બાળકીને હાથમાં લઈને બહાર લાવવું જોખમી હતું. ત્યારે ગામના યુવાનોની સૂઝબૂઝ અને સંવેદનશીલતાથી બાળકીને પ્લાસ્ટિકના ટબમાં સુરક્ષિત રીતે સુવડાવવામાં આવી અને વરસાદથી રક્ષણ મળે તે માટે છત્રીની ઓટ આપીને પૂરના પાણીમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી.

આ દ્રશ્યે જાણે ભગવાન શ્રીકૃષ્ણના બાળપણની યાદ તાજી કરી દીધી હોય તેમ, યશોદાના નંદલાલને ટોપલીમાં લઈ જતા વાસુદેવની ભાવના જીવંત કરી હતી. બાળકીને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા બાદ માતા મયુરીબેનને પણ ટ્યુબના સહારે બચાવીને નજીકના ઊંચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. ગામના યુવાનોની હિંમત, સંકલન અને સેવાભાવથી માતા અને બાળકી બંને સુરક્ષિત બન્યા હતા.

કુદરતી આપત્તિના સમયમાં કરમબેલી ગામે દર્શાવેલી એકતા, માનવતા અને જવાબદારીની ભાવના સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. સરપંચ કૌશલભાઈ તથા ગામના યુવાનોએ આપત્તિને માત્ર પડકાર તરીકે નહીં, પરંતુ લોકસેવાની તક તરીકે સ્વીકારી જીવ બચાવવાનું -શસ્તિપાત્ર કાર્ય કર્યું છે.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## કૃષ્ણં વંદે જગત્ગુરુમ


કિંજલ પંડયા
પારડી




માણસ જ્યારે જન્મે છે ત્યારે અજ્ઞાનના અંધકાર સાથે આવે છે, પણ જ્યારે એ જીવનના માર્ગે ચાલે છે ત્યારે એને કોઈ એવા પ્રકાશી દીપકની જરૂર પડે છે જે એને રસ્તો બતાવે. ભારતીય સંસ્કૃતિમાં આ દીપક એટલે ગુરુ. ગુરુપૂર્ણિમા એ માત્ર એક ઉત્સવ નથી, પણ અજ્ઞાનથી જ્ઞાન તરફની યાત્રાને બિરદાવવાની એક પવિત્ર ક્ષણ છે. અષાઢી પૂનમનો ચંદ્ર જેમ આકાશમાં પોતાના પૂર્ણ સ્વરૂપે ખીલી ઉઠે છે, તેમ જ ગુરુના સાનિધ્યમાં શિષ્યનું જીવન પણ પૂર્ણતા પ્રાપ્ત કરે છે. આપણે ત્યાં વ્યાસજીથી લઈને અનેક મહાન ઋષિ-મુનિઓ સુધી ગુરુપરંપરા વિસ્તરેલી છે, પરંતુ જ્યારે આખી સૃષ્ટિના માર્ગદર્શકની વાત આવે છે ત્યારે સમગ્ર માનવજાતનું મસ્તક એક જ નામ સામે નમી પડે છે - કૃષ્ણં વંદે જગત્ગુરુમ્. કૃષ્ણ માત્ર એક અવતાર કે ધાર્મિક પાત્ર નથી, પરંતુ તેઓ જગતના સર્વશ્રેષ્ઠ ગુરુ છે.

કૃષ્ણનો ગુરુ તરીકેનો અવતાર પરંપરાગત ગુરુઓ કરતાં સાવ અલગ અને અનોખો છે. તેઓ મઠ કે આશ્રમની ચાર દીવાલો વચ્ચે બેસીને માત્ર ઉપદેશ આપનારા ગુરુ નથી, પરંતુ જીવનના રણમેદાનમાં સાથે ઊભા રહીને જીવવાની કળા શીખવનારા ગુરુ છે. કુરુક્ષેત્રની ભૂમિ પર જ્યારે અર્જુન જેવા મહાધનુર્ધરનું મન મોહ, ભય અને વિષાદથી ઘેરાઈ ગયું હતું, જ્યારે એણે પોતાના હાથમાંથી ધનુષ હેઠું મૂકી દીધું હતું, ત્યારે કૃષ્ણે એને સન્યાસ લેવાનું ન કહ્યું. કૃષ્ણે એને ભાંગી પડવા ન દીધો. તેમણે રથના ચાબુકને એકબાજુ મૂકીને અર્જુનના વિષાદને પણ માર્ગદર્શનમાં બદલી નાખ્યો. એ કુરુક્ષેત્રનું યુદ્ધક્ષેત્ર જ એક એવું વર્ગખંડ બન્યું જ્યાંથી માનવજાતને ભગવદ્ગીતા જેવું અમર જ્ઞાન સાંપડ્યું.

કૃષ્ણની ગુરુતા એ વાતમાં રહેલી છે કે તેઓ શિષ્ય પર પોતાનો નિર્ણય ક્યારેય લાદતા નથી. ગીતાના અઢાર અધ્યાય સુધી ગહન જ્ઞાન, કર્મયોગ, ભક્તિયોગ અને દિવ્ય વિશ્વરૂપ દર્શન કરાવ્યા પછી પણ કૃષ્ણ અર્જુનને છેલ્લે કહે છે કે મેં તને આ અત્યંત ગુપ્ત જ્ઞાન આપ્યું છે, હવે તું તારી બુદ્ધિથી વિચાર અને તને યોગ્ય લાગે તેમ કર. એક સાચો ગુરુ ક્યારેય શિષ્યને આંધળો અનુયાયી નથી બનાવતો, પરંતુ એને સ્વતંત્ર રીતે વિચારવાની અને નિર્ણય લેવાની ક્ષમતા આપે છે. કૃષ્ણ શિષ્યની શંકાઓને દબાવતા નથી, પરંતુ એના દરેક પ્રશ્નનો સહજતાથી ઉત્તર આપીને એના સંશયોનો નાશ કરે છે.

સામાન્ય રીતે ગુરુની છબી ગંભીર અને કઠોર માનવામાં આવે છે, પરંતુ કૃષ્ણનો ગુરુ અવતાર આનંદ, ઉત્સવ અને પ્રેમથી છલોછલ છે. તેઓ યમુનાના કિનારે વાંસળી વગાડીને પ્રકૃતિ સાથેનો પ્રેમ શીખવે છે, ગોકુળમાં માખણ ચોરીને સહજતા અને નિર્દોષતાનો સંદેશ આપે છે, અને યુદ્ધના મેદાનમાં ધર્મનું રક્ષણ કરવા માટે નીતિ-અનીતિની નવી વ્યાખ્યાઓ વ્યાખ્યાયિત કરે છે. તેઓ જીવનના દરેક રંગને સંપૂર્ણતાથી જીવવાનું શીખવે છે. કૃષ્ણે સાંદીપનિ ઋષિના આશ્રમમાં એક સામાન્ય શિષ્ય બનીને લાકડાં પણ કાપ્યાં છે અને સુદામા જેવા દરિદ્ર મિત્રને પણ પોતાના હૃદયથી ચાહ્યો છે. એ દર્શાવે છે કે સાચું જ્ઞાન વ્યક્તિને નમ્ર બનાવે છે, અહંકારી નહીં.

આજના આધુનિક અને ધમાલિયા યુગમાં કૃષ્ણનું જગદ્ગુરુ સ્વરૂપ વધુ પ્રાસંગિક બની જાય છે. આજે માણસ ભૌતિક સંપત્તિ વચ્ચે પણ માનસિક અશાંતિ અને તણાવથી ઘેરાયેલો છે. દરેક ક્ષણે મનમાં એક યુદ્ધ ચાલી રહ્યું છે. એવા સમયે ગીતાનો કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચનનો મંત્ર જીવન જીવવાની સૌથી મોટી જડીબુટ્ટી બની જાય છે. કૃષ્ણ આપણને શીખવે છે કે પરિણામની ચિંતા કર્યા વિના વર્તમાન ક્ષણમાં પૂરી ક્ષમતાથી કામ કરો. તેઓ આપણને વિષમ પરિસ્થિતિઓમાં પણ મનનું સંતુલન જાળવી રાખવાની કળા શીખવે છે.

ગુરુપૂર્ણિમાનો ખરો અર્થ માત્ર ગુરુના ચરણોમાં પૂજન કરવું કે વંદન કરવા પૂરતો સીમિત નથી, પણ ગુરુએ આપેલા વિચારોને પોતાના જીવનમાં ઉતારવો એ જ સાચી ગુરુદક્ષિણા છે. કૃષ્ણને જગદ્ગુરુ તરીકે વંદન કરતી વખતે આપણે એ સમજવું પડશે કે કૃષ્ણનો સંદેશ માત્ર મંદિર સુધી સીમિત રાખવા માટે નથી, પણ એને આપણા રોજિંદા વ્યવહારમાં, વ્યાપારમાં, સંબંધોમાં અને વિચારોમાં લવવાનો છે. જ્યારે આપણે પણ અર્જુનની જેમ આપણા જીવનના કુરુક્ષેત્રમાં હિંમત હારી જઈએ, ત્યારે જો કૃષ્ણના જ્ઞાનનો દીપક આપણા હૃદયમાં પ્રજવલિત હશે તો કોઈ પણ અંધકાર આપણને રોકી શકશે નહીં. કૃષ્ણ એ અતીતનો કોઈ વિષય નથી, પણ પ્રત્યેક ક્ષણે આપણી અંદર જીવતી જાગતી એક ચેતના છે, જે આપણને સતત અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને મોહમાંથી ધર્મ તરફ દોરી જાય છે. આવા અમર અને ચિરંતન જગદ્ગુરુ શ્રીકૃષ્ણના ચરણોમાં ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે કોટિ કોટિ વંદન.

## પ્રકૃતિનો રૌદ્ર કોપ કે તંત્રની બેદરકારી ?


જયોતિ ઉત્પલ પંડયા
અતુલ




તા. ૨૩/૦૭/૨૦૨૬ના રોજ દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદે વાપી, સલવાવ, ટુકવાડા, અવધ, દમણ, ઉમરગામ,વલસાડ, બીલીમોરા,સહિતના વિસ્તારોમાં વિનાશનું ભયાનક દૃશ્ય સર્જ્યું. થોડા જ કલાકોમાં રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા, રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા અને હજારો લોકોના જનજીવન પર ગંભીર અસર પડી. પ્રકૃતિના આ રૌદ્ર સ્વરૂપે અનેક પરિવારોને બેઘર બનાવી દીધા, જ્યારે વેપારીઓએ વર્ષોની મહેનતથી ઉભો કરેલો માલ અને મૂડી પાણીમાં વહી જતાં કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવું પડ્યું.

આ દુર્ઘટનામાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ પણ બચી શકી નહીં. શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંસ્થાની શાળા અને કોલેજમાં પાણી ઘૂસી જતાં વર્ગખંડો, પ્રયોગશાળાઓ, લાઈબ્રેરી, ફર્નિચર તેમજ શૈક્ષણિક સાધનોને અતિ ભારે નુકસાન પહોંચ્યું.લગભગ ૫ કરોડનુ નુકસાન સાથે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ તેની સીધી અસર પડી છે.

જો કે માત્ર પ્રકૃતિને જવાબદાર ઠેરવવાથી સત્ય પૂર્ણ થતું નથી. આ વિનાશ પાછળ તંત્રની બેદરકારી પણ એટલી જ જવાબદાર છે. દર વર્ષે ચોમાસા પહેલાં વરસાદી પાણીના નિકાલ માટે નાળા, ગટર અને ડ્રેનેજની સફાઈ કરવાની જાહેરાતો થાય છે, પરંતુ વાસ્તવિક કામગીરી અધૂરી રહે છે. પ્રિ-મોન્સૂન કામગીરીમાં થયેલી બેદરકારીના કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શક્યો નહીં અને આખા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા. જો સમયસર નાળાઓ ઊંડા કરવામાં આવ્યા હોત, ગટરોની સફાઈ થઈ હોત અને વરસાદી પાણીના નિકાલની અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોત, તો નુકસાનનું પ્રમાણ ઘણું ઓછું રહી શકત.

આપણે પ્રકૃતિ સાથે સતત ચેડાં પણ કરી રહ્યા છીએ. તળાવો અને કુદરતી જળમાર્ગો પર દબાણ, વૃક્ષોનું અંધાધૂંધ કાપકામ, કોંક્રિટના જંગલો અને બિનઆયોજિત શહેરી વિકાસને કારણે વરસાદી પાણી માટે કુદરતી માર્ગો બંધ થઈ ગયા છે.

પરિણામે થોડા કલાકોના ભારે વરસાદમાં પણ પૂર જેવી સ્થિતિ સર્જાય છે.

આ ઘટના આપણને સ્પષ્ટ સંદેશ આપે છે કે વિકાસ અને પર્યાવરણ વચ્ચેનું સંતુલન જાળવવું હવે અનિવાર્ય બની ગયું છે.

આવી દુર્ઘટનાઓમાંથી સરકાર, સ્થાનિક તંત્ર અને સમાજે ગંભીર બોધપાઠ લેવો જોઈએ. વરસાદી પાણીના નિકાલની આધુનિક અને કાયમી વ્યવસ્થા, પ્રિ-મોન્સૂન કામગીરીમાં પારદર્શિતા, ગેરકાયદે દબાણો દૂર કરવા અને પર્યાવરણના સંરક્ષણ માટે કડક પગલાં ભરવાની તાત્કાલિક જરૂર છે. નહીં તો આવનારા વર્ષોમાં પ્રકૃતિનો રૌદ્ર કોપ અને તંત્રની બેદરકારીનું આ ભયાનક સંયોજન ફરીથી હજારો લોકોના જીવનમાં વિનાશ લાવશે.

**દમણગંગા ટાઇમ્સ**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.** - સંપાદક

## નિષ્ફળતાથી જ માનવી સફળતાની સીડી ચઢી શકે


ચંદ્રકાંત પ્રભાકર
મગોદ ડુંગરી




દરેક માનવી પ્રથમ પ્રયત્ને જ સફળ નહિ થયા હોય તેમને પણ પ્રારંભિક તબક્કે કે ત્યારબાદ કોઈને કોઈ પગલે નિષ્ફળતા તો જોઈ જ હશે પરંતુ તેઓ નિરાશ ના થયા અને તે નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને આગળ વધતા રહ્યા અને આજે તેમને દૃષ્ટાંત સ્વરૂપે જોવામાં આવે છે. નિષ્ફળતાને પચાવી સમજી તેને જ આગળ વધવાનું પગથિયું બનાવીને જે આગળ વધે છે તે જલ્દી સફળતાનો સ્વાદ ચાખે છે. નિષ્ફળતા જોઈને હતાશ કે નાસીપાસ થવું એ સામન્ય માનવીનું વર્તન છે પણ બીજી ક્ષણે તે હતાશા ને ખંખરીને આગળ વધવું એ સફળ માનવીનું લક્ષણ છે. જેણે આગળ વધવાનો અડગ નિર્ણય કરી લીધો હોય તેને નિષ્ફળતા રોકી શકતી નથી. સફળતા મેળવવા માટે લક્ષ્ય પહેલું અને અતિ મહત્વનું છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે લક્ષ્ય, સ્પષ્ટતા અને સાકાર કરવાની તાલાવેલી મહત્વની છે. લક્ષ્ય વિનાનું જીવન એટલે એકડા વિનાના મીંડા જેવું જીવન. જેનું કોઈ મૂલ્ય નથી હોતું. લક્ષ્ય જીવનને નવી દિશા આપી જીવનમાં ઉત્સાહ, ઝનૂન અને સંતોષ પેદા કરે છે. જિંદગીમાં કંઈક કરી છૂટવાનું લક્ષ્ય રાખો અને સિધ્ધ કરવા માટે પૂરતી ધગશ સાથે મહેનત કરો. લક્ષ્ય નાનું હોય કે મોટું પરંતુ એની પ્રાપ્તિનો આનંદ અનેરો હોવાનો જ. દરેક જગ્યાએ છબછબીયા કરવાથી ન આગળ વધાય છે ન તો કશુ કર્યાનો આનંદ મળે છે. ખૂબ ચાલીએ છીએ પણ મંઝિલ દેખાતી નથી ત્યારે મૂંઝાઈએ છીએ. પ્રયત્નો ખોટા છે કે પછી હેતુ ખોટા છે કે પછી દિશા ખોટી પકડાઈ છે ...? એવું આપણને થતું હોય છે. આજના પરિશ્રમી યુવાન આશા શક્યતાઓથી ભરેલો છે. કંઈક નવુ કરી છૂટવાની તમન્ના અને ખેવના સાથે તે જીવે છે. આગળ વધવું, કંઈક કરી બતાવવું છે પરંતુ ભૂલથી ખોટી દિશા પકડાય જવાથી નર્વસ થઈ જવાય છે. ખોટી દિશાની જાણ થવી, જુઠાનો અહેસાસ થવો એ પણ એક અલભ્ય ઘટના છે. જાગ્યા ત્યાંથી સવાર અને નિયમ મુજબ દિશા બદલીને આગળ વધનારા સફળતાને પામે છે. આમ જો તમે તમારી નાની મોટી નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને આગળ વધે તો ચોક્કસપણે સફળતા મળશે જ. જયારે નાની નાની નિષ્ફળતાઓ આવે કે કોઈ તકલીફ ટેકનિક કામ ન લાગે ત્યારે હતાશ થવાની જરૂર નથી પરંતુ એ હતાશને ખંખેરીને ઉભા થઈને જુઓ કે ક્યાં પ્રયત્નો ઓછા પડ્યા, કઈ ખામી રહી ગઈ તુરંત તેને શોધો. તેમાં સુધારો કરીને આગળ વધો.કદાચ આગળના પ્રયાસે ધારી સફળતા ના મળે પરંતુ જે ભૂલમાંથી શીખ્યા તે તો ફરીથી નહિ દોહરાવીએ અને આમ કરતા કરતા આગળ વધીશું તો આ જ નાની નાની નિષ્ફળતાઓ તમારી સફળતાના પગથિયાં બની રહેશે. જરૂરી છે કે તે બાબતે સભાન રહેવું તેને સ્વીકારીને બને એટલા જલ્દી ફરી કામે લાગવું. અંતમાં જીવનમાં ગરીબી, મુશ્કેલીઓ કે નિષ્ફળતા કોઈની કાયમી ઓળખ નથી... કાયમી ઓળખ તો તમારી મહેનત - હિંમત અને સારા કર્મો છે. યાદ રાખજો જે વ્યક્તિ પડીને ફરી ઊભો થવા શીખી જાય છે તેને દુનિયાની કોઈ તાકાત હરાવી શકતી નથી તેથી ફરિયાદ છોડો અને પ્રયત્ન શરુ કરો. સમયનું સન્માન કરો, ભગવાન પર વિશ્વાસ રાખો. એક દિવસ એવો આવશે કે તમારી સફળતા લોકો માટે પ્રેરણા બની જશે. જેને શરૂઆતથી સાચી દિશા મળી ગઈ છે તેઓ ખરેખર સફળતા મેળવીને જ રહે છે. મંઝિલ ભલે હૉ દૂર પણ દિશા સાચી હો એ સફળતા છે

## મા- બાપથી મોટું આ દુનિયામાં કોઈ નથી


અશરફ ચુડાસમા
ભીલાડ




આપણાં શાસ્ત્રોમાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ કહીને માતા પિતાનું આપણાં જીવનમાં શું સ્થાન છે તે દર્શાવ્યું છે. ગુજરાતી ભાષામાં મા બાપને ભૂલશો નહીં એ કાવ્યનું પણ એ જ ભાવના અગણિત છે ઉપકાર તેના કહી વર્ણવી છે પૃથ્વી પર આપણું અસ્તિત્વ જ જેના થકી છે તે માતાપિતાનું ઋણ ક્યારે ભુલાય નહીં.

આજે ખેદ સાથે કહેવું પડે છે કે, આપણે સૌ ભગવાનને શોધીએ છીએ પરંતુ ભગવાન જેમની અંદર છે (મા-બાપ) તેને આપણે વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા... માતા પિતાની છત્રછાયામાં રહેવાને બદલે આ છત્રછાયાને જ આપણે નેવી મૂકી દીધી છે. આજની યુવા પેઢીને, આજના સંતાનોને કહેતાં દુઃખ થાય છે કે, માબાપના મુખેથી વહાલના નીકળેલા બે બોલને જરા નિરખી લો. તેઓનાં હોઠ બિડાઈ ગયા પછી આપણે ગંગાજળ આપીશું એ કંઈજ કામનું નથી. અંતરથી આશીર્વાદ આપનારને આપણે સાચા હૃદયથી એક ક્ષણ પણ ભેટ્યા નથી અને પછી હયાત નથી ત્યારે એમની તસ્વીરને નતમસ્તકે નમવાનો કોઈ જ મતલબ નથી. એકવાર કાળની થપાટ વાગ્યા પછી એ પ્રેમાળ હાથ તમારા પર ક્યારેય નહીં ફરે એ પણ સમજી લેશો.

યુવાન મિત્રો પછી -તો જીવનમાં લાખો ઉપાયો કરવા છતાંપણ માબાપના વાત્સલ્યનો લ્હાવો ક્યારે મળવાનો નથી. આ વાતને ધ્યાનથી સમજી લેજો. અને હાં, પછી હોલમાં એમની તસ્વીર ટાંગીને મૂકો! કેટલે અંશે વ્યાજબી છે? જણાવશો. ભાગ્યશાળી સંતાનોને, યુવાનોને જ માતા પિતા મળે છે. નસીબદાર છે એ યુવાનો કે જેઓના માતા પિતા જીવિત છે. જેઓ માબાપના ચરણોમાં સુખની સરવાણી વહાવવા ઝઝૂમી રહ્યા છે, દુઃખ સાથે કહેવું પડે છે કે એ યુવાનોના માતા પિતા હયાત નથી. યુવાન મિત્રોને કહેવું છે કે, સ્નેહ, પ્રેમ, વ્હાલની ભરતી આવીને ચાલી ગયા પછી આપણે કિનારે છીપલાં વીણીને શું કરીશું?


સાહેબ, અમીર એ નથી હોતા જેનાં ઘરમાં રૂપિયા અને મિલકત હોય છે. અમીર એ હોય છે જેના ઘરમાં હસતા મા-બાપ હોય છે. એટલા માટે તો કહું છું કે, ભૂલો ભલે, બીજું બધું મા -બાપને ભૂલશો નહિ. ખરેખર! જીગ્નેશ કવિરાજે ગાયેલું આ ગીત

મા -બાપથી મોટું આ દુનિયામાં કોઈ નથી બિલકુલ સાચી વાત છે. આ વાતની સાક્ષી પૂરે છે. યુવાનોએ આ ગીત સાંભળીને, એમાંથી પ્રેરણા લઈને માતા પિતા પ્રત્યેનો તિરસ્કાર કાયમને માટે ફગાવી દેવો જોઈએ.

મળે આશિષ જેને બેડો એનો પાર છે.<br>
ઘરમાં બેઠેલાં એ તમારા ભગવાન છે.<br>
વેદ પુરાણે આજ કીધું છે,<br>
દાદા ગણેશે સિદ્ધ કર્યું છે .<br>
હો....ભાઈઓ...બહેનો...<br>
મા- બાપથી મોટું આ દુનિયામાં કોઈ નથી.

## ગુરુ પૂર્ણિમાના આ પાવન અવસરે


લાયન કિરીટ શાહ
વાપી

વંદન એ તમામ ગુરુજનોને, ગુરુવર્યોને.....!

સૂર્ય, ચંદ્ર, સરિતા, સાગર, ગિરીવર, ઝરણું, ધરા, આકાશ, વૃક્ષ, પુષ્પ, વહેતી હવા અને ફોરતી ને ફેલાતી આ મઘમઘીત ફોરમ....!

એ તમામ ગુરુજનો છે આપણા,

અનન્ય ઉપકાર છે એમના આપણી ઉપર,

સતત સંદેશ અને સંકેત આપે? છે સ્વસ્થ અને મસ્ત જીવતરના ચણતર અને ઘડતર માટે....!

જીવનમાં જરૂરી સંસ્કાર, સાત્વિક ગુણો અને આદર્શ વ્યવહારિતાસભર સંસ્કૃતિના ઘડતર માટે..!

નમન આજે એ માતા પિતા અને વડીલ પરિવારજનો અને સાથે જ જેમણે જીવનજરૂરી શિક્ષણ આપ્યું એવા આદર્શ શિક્ષકગણને, જેમના થકી આ જીવન શક્ય, સહજ અને ધન્ય બની શક્યું છે.

નમન એ ગુરુવર્યોને,

વંદન એ ગુરુજનોને...!

નતમસ્તક,હૃદયભાવ સાથે..!

પુરા આદર અને સન્માન સાથે, માત્ર ગુરુપૂર્ણિમાના અવસરે જ નહીં,


પ્રત્યેક પરોઢે, પ્રત્યેક ઢળતી સાંજે, ભર બપોરે કે ઘોર મધરાતે,

પ્રત્યેક પળે, દરેક ક્ષણે, સતત,અહર્નિશ....!

પ્રત્યેક શ્વાસ સાથે, પ્રત્યેક શ્વાસ વચ્ચે.....!!!!!

## વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન


ડો. જે. એમ. નાયક
નવસારી

ગુજરાત સરકાર દ્વારા હવેથી વિદ્યાર્થીનું મૂલ્યાંકન ફક્ત પરીક્ષામાં મેળવેલા માર્કસને આધારે જ નહીં પરંતુ વિદ્યાર્થીનું મૂલ્યાંકન તેની ક્ષમતા, તેનામાં રહેલું કૌશલ્ય અને તેના વ્યક્તિત્વ વગેરેને ધ્યાનમાં લઈને કરવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓના હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ તૈયાર કરવામાં આવશે. અત્યાર સુધી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન એણે પરીક્ષામાં મેળવેલા માર્ક્સના આધારે કરવામાં આવતું હતું.

પરંતુ ગુજરાત સરકારે જે નવી વ્યવસ્થા ઊભી કરી છે તેમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને એનું મૂલ્યાંકન થશે. વિદ્યાર્થીઓમાં અભ્યાસ ઉપરાંત તેનામાં રહેલી સર્જનાત્મકતા, વિશ્લેષણાત્મક વિચારશક્તિ, કોમ્યુનિકેશન સ્કીલ, લીડરશીપના ગુણો, સ્પોર્ટ્સ, કલા અને જીવન મૂલ્યો જેવા અનેકવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન કરવામાં આવશે. સરકારનું આ સ્તુત્ય પગલું છે. વિદ્યાર્થીઓ વચ્ચે એનાથી ફક્ત વધુ ટકા મેળવવાની સ્પર્ધા રહેશે નહીં. વિદ્યાર્થીઓને તેમની સ્ટ્રેંથ શું છે ? તેની અભિરુચિ અને એનામાં શું સુધારાની આવશ્યકતા છે ? વગેરે બાબતોને ધ્યાનમાં લઈને એને જરૂર ગાઈડન્સ આપવામાં આવશે. વર્તમાન ડિજિટલ યુગમાં વિદ્યાર્થી અભ્યાસમાં હોશિયાર હોવા ઉપરાંત એ દેશનો આદર્શ નાગરિક બને એ પણ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીને ફક્ત ગોખણપટ્ટી નહીં પરંતુ એ વિવિધ વિષયને કેટલો સમજ્યો છે ? તે અગત્યનું છે. પરંપરાગત શિક્ષણમાં પરીક્ષા લઈને એની માર્કશીટમાં વિષયવાર માર્ક્સ અને એના પર્સન્ટેજ દર્શાવવામાં આવે છે.

જ્યારે હવેથી નવી વ્યવસ્થા મુજબ હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડમાં વિદ્યાર્થીઓમાં કઈ કઈ સ્ટ્રેંથ છે અને કયા કયા સુધારાને અવકાશ છે તે પણ લખવામાં આવશે.

આ દેશને ફક્ત ડોક્ટર, એન્જિનિયર અધ્યાપક કે એડવોકેટની જ નહીં પરંતુ એ તમામ આદર્શ કે સારા નાગરિક બને એ પણ એટલું જ જરૂરી છે. આ નવી વ્યવસ્થામાં મૂલ્યલક્ષી શિક્ષણની વાતનો સમાવેશ થાય છે કે, જે ખૂબ જ જરૂરી છે. આમ પણ અવરનવર પેપર લીક થવાને પરિણામે પરીક્ષાની વિશ્વસનીયતા ઘટતી જઈ રહી છે ત્યારે આ નવી વ્યવસ્થા આવકારદાયક છે. એનું અમલીકરણ સારી રીતે થાય એ પણ જવાબદાર અધિકારીઓએ જોતા રહેવું પડશે.

## બદલાવનો ડર


અંજલિ પ્રજાપતિ
પારડી




માનવ સ્વભાવની સૌથી મોટી વિડંબના એ છે કે આપણે જીવનમાં પ્રગતિ, શાંતિ અને ખુશી તો ઈચ્છીએ છીએ, પરંતુ તે રસ્તામાં આવતા સૌથી મોટા પડાવ એટલે કે બદલાવથી સૌથી વધુ ડરીએ છીએ. ઘણીવાર આપણે એવી કોઈ ટેવ, પરિસ્થિતિ, સંબંધ કે વિચારને પકડી રાખીએ છીએ જે આપણને દુઃખ આપી રહી હોય છે, માત્ર એટલા માટે કારણ કે તે આપણા માટે જાણીતી અને ઓળખીતી હોય છે. મનોવિજ્ઞાનમાં આ પરિસ્થિતિને એક ખૂબ જ સુંદર અને ગંભીર પાસું માનવામાં આવ્યું છે—અજ્ઞાતનો ડર. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે જે બદલાવ જીવનનો એકમાત્ર શાશ્વત નિયમ છે, તેનાથી માણસ આટલો કેમ બરાય છે? વાસ્તવમાં, આપણું મગજ જૈવિક રીતે સુરક્ષા અને સ્થિરતાની શોધ માટે બનેલું છે. જ્યારે પણ કોઈ નવી પરિસ્થિતિ કે અનિશ્ચિતતા સામે આવે છે, ત્યારે મગજ તેને એક સંભવિત જોખમ તરીકે જુએ છે. જ્યારે આપણે જૂના ઢાંચા પર ચાલીએ છીએ, ભલે તે ગમે તેટલું તણાવપૂર્ણ કે દુઃખદ હોય, આપણને ખબર હોય છે કે આગળ શું થવાનું છે. પરંતુ બદલાવ પછી શું થશે—સફળતા કે નિષ્ફળતા, સ્વીકૃતિ કે અસ્વીકૃતિ—આ અનિશ્ચિતતા માણસને બેચેન કરી દે છે.


આપણો કમ્ફર્ટ ઝોન વાસ્તવમાં કોઈ ખૂબ આરામદાયક જગ્યા નથી હોતી, પરંતુ તે ઓળખીતા દર્દની જગ્યા હોય છે, જ્યાં માણસ અજાણ્યા આનંદને મળવાની આશા કરતાં જાણીતા દુઃખમાં પોતાને વધુ સુરક્ષિત અનુભવે છે.

ઘણીવાર આપણને એવો ડર પણ સતાવે છે કે જો આપણે નવું પગલું ભર્યું અને આપણે નિષ્ફળ ગયા, તો લોકો શું કહેશે, અથવા તો એ ડર કે જો આપણે સફળ થઈ ગયા, તો તે સફળતા સાથે આવનારી નવી જવાબદારીઓને કેવી રીતે સંભાળીશું? પરંતુ જ્યારે આપણે બદલાવના ડરથી એક જ જગ્યાએ અટકી જઈએ છીએ, તો તેની અસર માત્ર આપણા બાહ્ય જીવન પર જ નથી પડતી, પરંતુ આપણી માનસિક અને ભાવનાત્મક ક્ષમતા પર ઊંડો ઘા છોડે છે. જ્યારે જીવનમાં નવોનવો પ્રવાહ બંધ થઈ જાય છે, ત્યારે માણસ અંદરથી ખાલીપો અને માનસિક ગૂંગળામણ અનુભવવા લાગે છે. નવા અનુભવોથી બચવાના કારણે આપણો એ વિશ્વાસ પણ નબળો પડવા લાગે છે કે આપણે જીવનના પડકારોનો સામનો કરી શકીએ છીએ. સાચું તો એ છે કે જીવનના અંતિમ તબક્કે માણસને એ ભૂલોનો અફસોસ નથી હોતો જે તેણે કરી હતી, પરંતુ એ તકોનો પસ્તાવો થાય છે જે તેણે માત્ર ડરના કારણે હાથમાંથી જવા દીધી હતી.

બદલાવના ડરને રાતોરાત ખતમ કરી શકાતો નથી, પરંતુ પોતાનો દ્રષ્ટિકોણ બદલીને તેને પોતાની તાકાત ચોક્કસ બનાવી શકાય છે. એકસાથે આખું જીવન બદલવાનો પ્રયાસ કરવાને બદલે, જો આપણે આપણી રોજિંદી ટેવોમાં નાના-નાના પગલાં ભરીએ, તો મગજ ધીમે-ધીમે અનિશ્ચિતતાથી બરાવાનું બંધ કરી દે છે. જ્યારે પણ ડર લાગે, ત્યારે એ વિચારવાને બદલે કે જો બધું બગડી ગયું તો શું થશે?, પોતાને એ પૂછવું જોઈએ કે જો બધું સાચું થઈ ગયું, તો મારું જીવન કેટલું સુંદર બની શકે છે? આપણે એ સ્વીકારવું પડશે કે બદલાવના રસ્તામાં આવતી નિષ્ફળતાઓ અંત નથી હોતી, પરંતુ તે આપણને સાચી દિશા બતાવવાનું માધ્યમ હોય છે. આ આખી પ્રક્રિયામાં પોતાના પ્રત્યે દયાળુ હોવું ખૂબ જ જરૂરી છે; ડરનો અહેસાસ થવો સ્વાભાવિક છે, પરંતુ ડર હોવા છતાં આગળ વધવું એ જ સાચું સાહસ છે. જીવન કોઈ અટકેલા તળાવ જેવું નથી, પરંતુ વહેતી નદી જેવું છે. જ્યાં સુધી નદી વહેતી રહે છે, ત્યાં સુધી તેનું પાણી નિર્મળ રહે છે; અટકતાં જ તે પોતાનું અસ્તિત્વ ખોવા લાગે છે. બદલાવ જ એ માધ્યમ છે જેનાથી આપણે આપણા જૂના, મર્યાદિત સ્વરૂપને છોડીને એક નવા, પરિપક્વ અને સક્ષમ માણસ તરીકે ઊભરીએ છીએ. ડર હોવો એ સાબિત નથી કરતો કે તમે નબળા છો, પરંતુ એ આ વાતનો સંકેત છે કે તમે તમારા કમ્ફર્ટ ઝોનની સીમાઓને ઓળંગીને કંઈક નવું શીખવાના આંગણે ઊભા છો. જેમ કે કહેવાયું પણ છે, પાંખો ત્યાં સુધી કામ નથી આવતી, જ્યાં સુધી તમે ડાળી છોડીને હવામાં છલાંગ લગાવવાનું સાહસ ન બતાવો.

## સંતાનોને વાત્સલ્ય આપો


હર્ષદ દેસાઈ
વટાર

જો કુટુંબમાં સંપ, પ્રેમ અને શાંતિની ચિરંજીવ સ્થાપના કરવી હોય, તો વડીલોને બહુમાન, નારી વગેરેના માનવીની સાથે સાથે, સંતાનોને વાત્સલ્ય આપવાની વાત પણ અમલમાં મુકવી પડશે.

સંતાનોનો જીવન વિકાસ ધિક્કારથી નથી થતો. વાત્સલ્યથી જ થાય છે. એમને ધિક્કારીને કદાચ ધાર્યુ કામ કરાવી શકાતુ હોય અને જીત મેળવી શકાતી હોત. બીજી બાજુ તેમને વાત્સલ્ય આપવા જતા તેઓ કદાચ કાબુ બહાર જતા હોય તોય ધિકક્ષકારથી જીતવા કરતાં વાત્સલ્યથી હારી જવામાં લાંબો ગાળે મોટી જીત છે. વસ્તુતઃ વાત્સલ્ય એટલ સ્નેહ છે. એકલા લાડ નહીં એ વાત પણ બરોબર સમજી રાખવી જોઈએ. ધિક્કાર જેટલો ખરાબ છે એટલા જ લાડ ખરાબ છે. વાત્સલ્ય એટલે આ બેય નહી. પરંતુ ભરપુર સ્નેહ,

જો પહેલીથી જ સંતાનો સાથે થોડીક ધામથી રહેવાનું માબાપ, દાદા-દાદી ગોઠવી દે તો બાળકોનો જીવન વિકાસ બહુ સરસ થાય. ધાક એટલે વડીલોના અસ્તિત્વમાં જ પડેલી સહેજ કડકાઈ. આ ખુબ જરુરી છે. આ સ્થિતિ ઉભી કરવી હોય તો બહુ લાડ કરવાની જરુર ન રહે. લાડ કરાય જ નહી અને કકકાઈ દ્વારા જ સંતાનોના સંભવિત દોષો કાબુમાં રહેવાથી તેમને તે વાતોમાં ટોકવા સુધી કે ધિક્કારવા ન પડે કે મારવા જેવું ન પડે. બાળકોને આ સજાઓ તો બને ત્યા સુધી કદી કરવી જહી જોઈએ જેવી કે ભુખ્ય રાખવ, ધિક્કારવા, ગાળો દેવી, અપમાનિત કરવા અને મારવા. બાળકો એવી ભૂલો કરે ત્યારે આ બધી સજા કરવા સુધી જવુ પડે પણ વાતારવણમાં સતત રહેતી અસ્તિત્વની ધાક ભુલોનો જન્મ જ થવા દેતી નથી. આથી આવી જંગલી સજા સુધી જવુ પડતું થનથી. વળી લાડ વિનાનો મધ્યમ કક્ષાનો સ્નેહ તે અવારનવાર આપતા જ રહેવાનો છે. એટલે ભુલો થવાની થોડીક પણ શકતા ખતમ થઈ જાય છે. કેટલાક વડીલો વધુ પડતી ધાક બેસાડે તેય ખોટું છે.

આ ધાક અને લાડ બે દુર દુરના છેડા છે. બેફ તમારા સંતાનોના જીવન બગાડનાર છે. જરુર છે થાકના કાયમી અસ્તિત્વમા ભરપુર સ્નેહની આને જ વાત્સલ્ય કહેવાય છે. ધર્મના નામે ઘણા સંતાનોને ટોકવા ન જોઈએ. ધિક્કારવા ન જોઇએ. યોગ્ય સયમે શાંત ચિત્તે એ વાતો પણ સંતાનોને કહી શકાય છતાં તે ન સ્વીકારે તો એ વાત બંધ કરી દેવી. સમય પસાર થવા દેવો. જો મા બાપ અત્યત ગંભીરપણે સંતાનોને સુયોગ્ય તાલીમ આપે તો એ સંતાનોએ સંત કે સજ્જન બનવુ રાષ્ટ્રના ઘડવૈયા, સંસ્કૃતિના સંદેશાવાહક ધર્મના મશાલચી બનવું એ ખુબ આસાન બાબત બની જાય છે. તેમ છે. પ્રત્યેક સંતાન મહાન જ બનવાનો કાચો માલ પોતાની પાસે ધરાવે છે. છતાં ઘણા બધા સંતાનો અધમ બને છે. તેનું કારણ મુખ્યત્યે તેના મા-બાપોએ કરેલો તેનો અયોગ્ય ઉછેર છે. માતા દીકરાને લલચોર બનાવશે. તો મોટો થઈને તે દીકરો દાણ ચોર કેમ નહી બને ? પિતા જ દીકારાને પાંચ રૂપિયાની પણ અનીતી શીખવશો તો દીકરો મોટી થઈને ભ્રષ્ટાચારનો પિતા કેમ નહી બને.

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ



## વાપી જુના ફાટક પાસે સબવે માટેનો વિસ્તાર જોખમી

વાપી જુના ફાટક પાસે સબવે બનાવવા માટે તંત્ર દ્વારા બંને તરફ રેલ્વે ટ્રેક નીચે અને નજીકના વિસ્તારોમાં ઊંડો ખાડો ખોદ્યો હતો. અહીં ટ્રેક નીચે સબવે માટે બોક્ષ પણ પુસિંગ કરી દેવામાં આવ્યું છે. પરંતુ બંને તરફ એપ્રોચ રોડ બનાવવાનો બાકી છે. યાત્રિક ખામીઓના કારણે આ કામ ઘોંચમાં પડ્યું છે. પરંતુ હાલ અહીં ચોમાસાનું પાણી તળાવની જેમ ભરાઈ ગયું છે જેના કારણે કોઈ રાહદારી અહીંથી રેલ્વે ટ્રેક ક્રોસ કરવા જાય તો ડૂબી જવાની ભીતિ છે, ખાસ કરીને રાત્રિ દરમિયાન અકસ્માતની વધુ સંભાવના છે.

### રાજ્યના મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી

## વલસાડ જિલ્લામાં પૂરથી અસરગ્રસ્તો માટે સહાય પેકેજ ક્યારે જાહેર થશે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** ગત ૨૩ જુલાઈની રાત્રે દક્ષિણ ગુજરાત તેમજ મધુવન ડેમના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે ડેમમાં પાણીની આવક અત્યંત વધી હતી. ડેમની સપાટી જાળવવા માટે વહીવટી તંત્ર દ્વારા તબક્કાવાર એક લાખથી સાડા ચાર લાખ ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું હતું. તેના કારણે દમણગંગા, કોલક અને દારૂઢા નદીઓમાં ભારે પૂર આવ્યું હતું. નદીકાંઠાના ગામો તેમજ અનેક ઔદ્યોગિક એકમો અને વેપારી સંસ્થાઓમાં પાણી ઘૂસી જતાં રહેણા વિસ્તારમાં ભારે નુકસાન થયું હતું.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા અગાઉ સુરતમાં જાહેર કરાયેલા વાણિજ્ય, વેપાર

**સૂરતની જેમ વાપી અને વલસાડમાં પણ ટેક્સ માફી જાહેર કરવાની જરૂર**

અને સેવાકીય ક્ષેત્ર માટેના રાહત પેકેજનો વિસ્તાર હવે વલસાડ અને નવસારી જિલ્લાઓ સુધી કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી જાહેર કરાયેલા પેકેજ મુજબ લારી-રેકડી ધારકોને ૭,૫૦૦, નાની કેબિન ધારકોને ૨૫,૦૦૦ અને મોટી કેબિન ધારકોને ૫૦,૦૦૦ની રોકડ સહાય આપવામાં આવશે. જીએસટી ભરતા પાકા દુકાનદારોને ૧ લાખથી વધુની સહાય આપવામાં આવશે. ઉપરાંત નાના વેપારીઓ, લઘુ ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્ર સાથે સંકળાયેલા અસરગ્રસ્તોને ૨૦ લાખથી ૨૫ લાખ સુધીની લોન માત્ર ૭ ટકા વ્યાજદરે ઉપલબ્ધ કરાવવાની યોજના પણ જાહેર કરવામાં આવી છે. જોકે, અગાઉ સુરત જિલ્લાના પૂરગ્રસ્તોને વિવિધ પ્રકારની ટેક્સ રાહત આપવામાં આવી હતી.

હવે વાપી, વલસાડ અને નવસારી જિલ્લાના અસરગ્રસ્ત વેપારીઓ અને ઉદ્યોગકારોને પણ સમાન પ્રકારની ટેક્સ માફી અથવા રાહત આપવામાં આવે તેવી સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં માંગ ઉઠી રહી છે. રાજ્ય સરકાર આ માંગ પર શું નિર્ણય લે છે તેના પર હવે સૌની નજર મંડાઈ છે.

## વાપી-સંઘપ્રદેશમાં ૧૦૦૦થી વધુ ઉદ્યોગોએ નુકશાનીનો દાવો કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપી તા. ગુજરાત અને સંઘ પ્રદેશ દમણ-દાદરા નગર હવેલીમાં ગત સપ્તાહે પડેલા ધસમસતા વરસાદ અને પૂરને કારણે ઔદ્યોગિક એકમોને ભારે નુકસાન થયું છે. વાપી અને સંઘ પ્રદેશના ૧૦૦૦થી વધુ ઉદ્યોગો દ્વારા વીમા કંપનીઓમાં નુકસાનીનો દાવો નોંધાવવામાં આવ્યો છે. ઉદ્યોગ સંગઠનોના જણાવ્યા અનુસાર, પૂરના પાણી ઘૂસી જતા મશીનરી, કાચો માલ અને તૈયાર માલને મોટું નુકસાન થયું છે. જેના કારણે અનેક એકમોનો ઉત્પાદન ખોરવાયો છે. હાલમાં મોટાભાગના ઉદ્યોગોએ ફાયર અને સ્પેશિયલ પેરિલ પોલિસી હેઠળ વીમા કંપનીઓમાં ક્લેમ ફાઈલ કર્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ વાપીમાં એકજ ઈસ્યુરન્સ એજન્ટ પાસે આશરે ૪૦૦ જેટલી નાની અને મધ્યમ કંપનીના ક્લેમ આવ્યા છે, સેલવાસ અને દમણ મળી કંપનીઓમાં નુકસાનીના દવા અંગે વીમા કંપનીઓમાં દવા વધવાની સંભાવના નકારી શકાય તેમ નથી.

## વાપીના સુખાલા તળાવ ગાર્ડનમાં ગંદકી અને વ્યાયમના સાધનો તુટેલી હાલતમાં





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** વાપી શહેરના સુખાલા તળાવ ખાતે આવેલ જનસેવા ગાર્ડનની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. ગાર્ડનમાં ચારે તરફ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે, જેના કારણે સવારે અને સાંજે મૉર્નિંગ-ઈવનિંગ વોક માટે આવતા નાગરિકો તેમજ પરિવાર સાથે ફરવા આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાર્ડનમાં કસરત માટે મૂકવામાં આવેલા વિવિધ વ્યાયામના સાધનો પણ તૂટેલી અને બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. પરિણામે આરોગ્ય સ્વચ્છ રાખવા માટે આવતા નાગરિકો કસરતનો લાભ લઈ શકતા નથી. ગાર્ડનની યોગ્ય જાળવણીના અભાવે સ્થાનિકોમાં અસંતોષની લાગણી વ્યાપી છે.

સ્થાનિક નાગરિકોની માંગ છે કે વાપી મહાનગરપાલિકા તથા પાલિકાના બ્યુટિફિકેશન વિભાગ દ્વારા તાત્કાલિક ગાર્ડનની સંપૂર્ણ સફાઈ કરાવવામાં આવે, નિયમિત દવાનો છંટકાવ કરીને સ્વચ્છતા જાળવવામાં આવે તેમજ તૂટેલા વ્યાયામના સાધનોનું સમારકામ કરી ફરીથી કાર્યરત કરવામાં આવે, જેથી નાગરિકોને સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણમાં આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનો લાભ મળી શકે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો સમયસર જરૂરી કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાર્ડનની સ્થિતિ વધુ ખરાબ બનવાની શક્યતા છે અને જાહેર સુવિધા તરીકે વિકસાવવામાં આવેલી આ જગ્યા બેદરકારીનો ભોગ બનશે.



## વાપીમાં વરસાદી પાણીના નિકાલ બાદ દવાનો છંટકાવ શરૂ


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** વાપીમાં તાજેતરના પૂર બાદ નાગરિકોના આરોગ્યની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં વાપી મહાનગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્વચ્છતા અને રોગચાળો નિવારવા માટે વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ તેમજ આરોગ્ય વિભાગના ચેરમેન સંદીપ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજે વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચૂનાના પાઉડરનો છંટકાવ, સફાઈ કામગીરી તેમજ જરૂરી જંતુનાશક પગલાં લેવામાં આવ્યા હતા.

પૂર બાદ પાણીજન્ય અને ચેપી રોગોનું જોખમ વધતું હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરી નિવારક કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે દરેક નાગરિકને સ્વચ્છ, સુરક્ષિત અને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે માટે તમામ વિભાગો સતત કાર્યરત છે. આ પ્રસંગે મેયર દક્ષાબેન પટેલે જણાવ્યું હતું કે, પૂર બાદ જન આરોગ્યની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારના રોગચાળાને અટકાવી શકાય તે માટે મહાનગરપાલિકા સતત કાર્યરત છે.

## વાપી-નામધા મુખ્ય માર્ગ પર ભારે વરસાદે દબાણની પોલ ખોલી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** વાપી-નામધા મુખ્ય માર્ગ પર ભારે વરસાદ બાદ રસ્તા ની વચ્ચે ખાડો પડી ગયો અને એક ભાગ ધસી પડતાં વર્ષોથી કરવામાં આવેલા દબાણ અને વરસાદી પાણીના કુદરતી નિકાલના માર્ગ અંગે અનેક સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વાપી અને નામધાની સરહદ પર આવેલી એક ખાનગી જમીનમાંથી વર્ષોથી વરસાદી પાણી નજીક આવેલી ખણકીમાં કુદરતી રીતે વહી જતું હતું. જોકે, તાજેતરમાં આ જમીનનું વેચાણ થયા બાદ બિલ્ડર દ્વારા રહેણાંક પ્રોજેક્ટનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ દરમિયાન વરસાદી પાણીની કુદરતી ખણકી પુરાઈ જતાં પાણીના નિકાલમાં અવરોધ ઊભો થયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, માર્ગ નીચે વરસાદી પાણીના નિકાલ માટે ગ્રામ પંચાયત અને માર્ગ-મકાન વિભાગ દ્વારા નાળું પણ બનાવવામાં આવ્યું હતું, પરંતુ સમય જતાં તે પણ બિલ્ડર દ્વારા માટી અને અન્ય સામગ્રીથી બંધ થઈ ગયું હતું.

તાજેતરમાં વાપીમાં પડેલા ભારે વરસાદ દરમિયાન વરસાદી પાણીનો પ્રવાહ વધતા રસ્તાનો એક ભાગ ધસી પડ્યો હતો, જેના કારણે કુદરતી વરસાદી માર્ગ અને અગાઉ કરવામાં આવેલા દબાણની હકીકત સામે આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે સમગ્ર મામલે તંત્ર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે તેમજ વરસાદી પાણીના કુદરતી નિકાલના માર્ગને પુનઃસ્થાપિત કરવામાંની જરૂર છે.

### ચલા યુથ ક્લબ સેંકડો પૂરગ્રસ્ત પરિવારોને મદદ પહોંચાડી

## વાપી-ઉમરગામના ૧૦થી વધુ ગામોમાં કપડાં અને અનાજ કીટ પહોંચાડી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપી સહિત આસપાસના પંથકમાં પૂરથી અસરગ્રસ્ત લોકોને મદ કરવા ચલા યુથ ક્લબના યુવાનો મદદરૂપ બન્યા છે. ક્લબના સભ્યોએ છેલ્લા કેટલાક દિવસથી સતત ફિલ્ડમાં રહીને ૧૦થી વધુ ગામોના સેંકડો પૂરગ્રસ્ત પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડી છે.

યુથ ક્લબ દ્વારા પુનાટ ગામે ૧૧૦ બોક્સ, ઉમરગામમાં ૩૫ બોક્સ, ટુકવાડા ગામે ૨૩૫ બોક્સ અને રાતા પાંડોર ગામે ૨૩૦થી વધુ બોક્સનું વિતરણ કરવામાં આવ્યું. દરેક બોક્સમાં સેંકડો જોડી કપડાં સાથે અનાજ કીટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૬ અને ૭ના કચરા ફળિયા અને કુંવારી નગરીમાં પણ ક્લબ દ્વારા સહાય પહોંચાડવામાં આવી હતી.

આ સેવાકાર્યમાં ચલા યુથ ક્લબના સભ્યો મનોજ નંદાનીયા, આમિર કબાની, જયદીપ, સુરેશ ત્રિવેદી, વિશાલ પટેલ, રમેશ ભાનુશાળી સહિતના યુવાનો સક્રિય રહ્યા હતા. તેમની સાથે ચૂંટાયેલા કાઉન્સિલર મિત્તલ નંદાનીયા અને યાસ્મીન બાબુલ સહિતના હોદ્દેદારો પણ જોડાયા હતા અને વિતરણમાં સહયોગ આપ્યો હતો.

યુથ ક્લબના આગેવાનોએ જણાવ્યું કે પૂરથી જે પરિવારોનું ઘર-બાર બગડ્યું છે અને રોજિંદી જરૂરિયાતોની તંગી છે તેવા લોકો સુધી મદ પહોંચાડવાનો તેમનો પ્રયાસ છે. આગામી દિવસોમાં પણ વધુ ગામોમાં રાહત સામગ્રીનું વિતરણ ચાલુ રાખવામાં આવશે.

## નાની તંબાડીમાં પૂરગ્રસ્તોને રાહત કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વલસાડ જિલ્લાના નાનાપોંડા તાલુકાના નાની તંબાડી ગ્રામ પંચાયત વિસ્તારમાં ૨૩ જુલાઈએ આવેલા વિનાશક પૂરના કારણે આશરે ૨૭ જેટલા ઘરોમાં પાણી ઘૂસી જતાં પરિવારોને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. કેટલાક ઘરો અરધા તો કેટલાક ઘરોમાં કમર સુધી પાણી ભરાઈ ગયું હતું, પૂરગ્રસ્ત પરિવારોને મદદરૂપ બનવા માટે નાની તંબાડી ગ્રામ પંચાયત દ્વારા સેવાભાવી સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત થયેલી રાહત કિટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ ભયલુભાઈ, પંચાયત મંત્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ પૂરથી પ્રભાવિત પરિવારોને હિંમત આપતાં જણાવ્યું હતું કે મુશ્કેલીની આ ઘડીમાં ગ્રામ પંચાયત તેમની સાથે છે અને જરૂરિયાત મુજબ શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવશે. રાહત કિટ મળતા પૂરગ્રસ્ત પરિવારોમાં ખુશી જોવા મળી હતી અને તેમણે સેવાભાવી દાતાઓ તથા ગ્રામ પંચાયતનો આભાર વ્યક્ત કર્યો હતો. ગામમાં સામાન્ય જનજીવન ફરી પૂર્વવત્ બને તે માટે પણ ગ્રામ પંચાયત દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## ડુંગરા આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી



**વાપી, તા.૨૯ :** શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ગુરુપૂર્ણિમાના પર્વની વાપીના ડુંગરા સ્થિત સંત શ્રી આસારામ બાપુના આશ્રમ ખાતે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.ઉજવણી દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી સામૂહિક ભજન, પાદુકા યાત્રા, પાદુકા પૂજન, મહા આરતી તેમજ ભજન-કીર્તનમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત ભાવિકો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડુંગરા આશ્રમના મુકેશ મહારાજ તથા શ્રી યોગ વેદાંત સેવા સમિતિના સહયોગથી કરવામાં આવ્યું હતું.

## ચલા રંગ કુટિરમાં ગુરુપર્ણિમાએ પાદુકા પૂજન કરાયું






**વાપી, તા.૨૯ :** પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજની અસીમ કૃપાથી ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ચલા-વાપી સ્થિત શ્રી રંગ કુટિર ખાતે તા. ૨૯-૦૭-૨૦૨૬ બુધવારના રોજ પાદુકા પૂજન અને મહાપ્રસાદનો ભવ્ય કાર્યક્રમ ભક્તિભાવ સાથે ઉજવાયો.

સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું. પૂજનમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને ગુરૂ મહારાજના ચરણોમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી. સમગ્ર કુટિર પરિસર ભજન-કીર્તન અને મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. પૂજન બાદ બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદમાં સેંકડો ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી રંગ પરિવાર ચલા-વાપી દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકોએ જણાવ્યું કે ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂની પાદુકાઓનું પૂજન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

## વાપી આર. કે. દેસાઈ કોલેજમાં ગુરુપર્ણિમા ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઑફ કૉલેજીસ એન્ડ આર.કે દેસાઈ સ્કૂલ દ્વારા ગુરૂ પૂર્ણિમા દિવસની ભવ્ય ઉજવણી કરાઈ. આજે સંસ્થામાં ગુરુ પૂર્ણિમા પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા ગુરુવંદના સાથે કરવામાં આવી. વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર આધારિત -ાર્થના, ગીત, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી.




કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ગુરુનું જીવનમાં રહેલું મહત્વ સમજાવતાં જણાવ્યું કે ગુરુ માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ જીવનમાં સારા સંસ્કારો, મૂલ્યો અને સાચા માર્ગદર્શનનું પણ પ્રેરણાસ્ત્રોત છે. ગુરુના માર્ગદર્શનથી જ વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે સંસ્થામાં બી.એડ. ના પ્રથમ વર્ષ ના તાલીમાર્થી ઓના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. તેમજ વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ તથા જયા પાર્વતી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કલ્ચરલ કમિટી દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અંતે સંસ્થા ના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહ તેમજ વિવિધ વિભાગના પ્રિન્સિપલો, હેડ અને અધ્યાપકો દ્વારા આશીર્વાદ આપી અભિનંદન પાઠવ્યા. હતાં.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 30, July 2026


## વધુ એક જંગનાં અમંગળ એંધાણ

મધ્ય-પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચેનો જંગ સતત લંબાઈ રહ્યો છે, તેની વચ્ચે આ વિસ્તારમાં સાઉદી અરેબિયા અને હૂતિ બળવાખોરો વચ્ચે સંઘર્ષનો એક નવો મોરચો ખૂલી રહ્યો હોય એવાં એંધાણ મળી રહ્યાં છે. ઈરાનને અમેરિકા સામેના જંગમાં પ્રત્યક્ષ રીતે ટેકો આપતા રહેલા યમનના હૂતિ બળવાખોરોની સાઉદી અરેબિયા અને અમેરિકા સાથેની દુશ્મની નવી નથી. હૂતિ બળવાખોરો મધ્ય-પૂર્વમાં શક્તિશાળી સશસ્ત્ર તાકાત ધરાવે છે. લાલ સાગરમાં સાઉદી અરેબિયાના એક માલવાહક જહાજ પર ગયા સપ્તાહે હુમલો થયા બાદ હવે સાઉદી અને હૂતિ દળો વચ્ચે સીધો સંઘર્ષ શરૂ થઈ ગયો છે. પોતાના માલવાહક જહાજ પર હુમલો થયા બાદ સાઉદી અરેબિયાએ હૂતિઓના નિયંત્રણ હેઠળના હેદૈદાહ શહેર પર ભારે હવાઈ હુમલો કર્યો હતો. કહેવાય છે કે, સાઉદી દળોએ આ હુમલામાં અમેરિકન બનાવટના આધુનિક એફ-૩૫ વિમાનોનો ઉપયોગ કર્યો હતો, તે પછી તરત જ હૂતિઓએ સાઉદી અરેબિયાને ચેતવણી આપી હતી કે, તેમણે નરકના દરવાજા ખોલી નાખ્યા છે. લાલ સાગરમાં હૂતિઓએ વણજાહેર નાકાબંધી અમલી બનાવી છે. હવે તેઓ દાવો કરે છે કે, સાઉદી અરેબિયાના બંદરેથી માલ લાવતા હોવાને લીધે આ જહાજોને નિશાન બનાવાયા છે. ઉલ્લેખનીય છે કે, હૂતિ બળવાખોરો યમનના જંગમાં સાઉદીને મુખ્ય પક્ષકાર ગણે છે. તેમનો આરોપ એવો રહ્યો છે કે, સાઉદી લશ્કરની કાર્યવાહીથી યમનમાં ભારે નુકસાન પહોંચ્યું છે. આ કારણે તેઓ સાઉદી અરેબિયાના વ્યૂહાત્મક આર્થિક હિતોને નિશાન બનાવી રહ્યા છે. લાલ સાગર દુનિયાના ચાવીરૂપ જળમાર્ગોમાંથી એક છે અને તેના પર હૂતિઓ સરળતાથી હુમલા કરી શકે છે. મુસ્લિમોમાં યમનના લઘુમતી જૈદી શિયા સમુદાયના હૂતિ બળવાખોરો એક મજબૂત સશસ્ત્ર સંગઠન છે. છેક ૨૦૦૩માં અમેરિકાએ ઈરાક પર હુમલો કર્યો તે પછી હૂતિઓએ અમેરિકા અને ઈઝરાયલની સાથે દુશ્મનીનું વલણ લીધું હતું. આ ઉપરાંત હમાસ અને હિઝબુલ્લા જેવા જૂથોના ઈરાન તરફી એક્સિસ ઓફ રજિસ્ટેન્સમાં પણ હૂતિ જૂથ સામેલ છે. આમ ઈરાનને સમર્થન અને અમેરિકા તથા તેના સાથી દેશો સાથે દુશ્મનીનું વલણ ધરાવતા હૂતિઓ સતત હુમલા કરીને પોતાની હાજરી દુનિયામાં નોંધાવતા રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હૂતિઓને જહાજો પર હુમલા ન રોકાય તો મોટી લશ્કરી કાર્યવાહીની ધમકી આપી છે. સાઉદી અરેબિયાએ હુમલા પણ કર્યા છે. આમ હવે સ્ફોટક મધ્ય-પૂર્વ વિસ્તારમાં એક નવો મોરચો ખૂલે એવાં એંધાણ મળી રહ્યાં છે. આમ થાય તો લાલ સાગરમાં જહાજી વ્યવહાર પર સીધી અસર પડે તેમ છે. સાથોસાથ ક્રૂડતેલની કિંમતોમાં ઉછાળાનું વધુ એક કારણ ઊભું થતાં દુનિયાના અર્થતંત્ર પર અમંગળનો વધુ એક ઓછાયો તોળાઈ રહ્યો છે.

# એન્ટી પેપરલીક સંશોધન બિલ લોકસભામાં ધ્વનીમતથી પાસ




### બે દિવસની ચર્ચા અને ભારે હંગામા બાદ આજે સંસદના નીચલા સદન લોકસભામાં એન્ટી પેપરલીક બિલ ધ્વનીમતથી પાસ : હવે રાજ્યસભાનો વારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯

લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પાસ થઈ ગયું છે. ચોમાસુ સત્ર દરમિયાન લાંબી ચર્ચા બાદ આ બિલને ધ્વનિમતથી મંજૂરી મળી છે. જોકે, બિલ પર ચર્ચા દરમિયાન સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર નોકઝોક જોવા મળી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણને લઈને બંને પક્ષો વચ્ચે ભારે તણાવ જોવા મળ્યો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ એન્ટી પેપર લીક બિલ પસાર થયાની જાહેરાત કરી અને આવતીકાલ સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી હતી.

લોકસભામાં બિલ રજૂ કરતાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે, જ્યારે આટલા મહત્વના બિલ પર ચર્ચા થઈ રહી હોય ત્યારે સૂચનો આપવાના બદલે તેના પર રાજકારણ કરવામાં આવી રહ્યું છે. વિપક્ષના નેતાએ જે અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો તે આશ્ચર્યજનક છે. મને નવાઈ લાગે છે કે શું તેમને સંસદીય કાર્યવાહીના મૂળભૂત નિયમોની પણ જાણકારી છે? દેશના યુવાનો, જે દેશનું ભવિષ્ય છે, તેમને 'મૂર્ખ' કહેવા કરતાં વધુ દુર્ભાગ્યપૂર્ણ શું હોઈ શકે?

જિતેન્દ્ર સિંહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, '૨૧ જુલાઈએ વિપક્ષના નેતા કદાચ કોઈ ખાસ વિચારસરણીને કારણે વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર જઈને બેસી ગયા હતા. એવું લાગી રહ્યું હતું કે તેમની દિલથી ઈચ્છા હતી કે દેશ તેમને પસંદ કરે અને ૭ પીએમ હાઉસમાં બેસાડે. જ્યારે તેમની આ ઈચ્છા પૂરી ન થઈ, ત્યારે તેઓ નિરાશ અને હતાશ થઈ ગયા અને ૭ લોક કલ્યાણ માર્ગના ગેટ પાસે જઈને બેસી ગયા. જ્યારે તેમને ખૂબ જ નમ્રતાથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આવું વર્તન તેમના હોદ્દાને અનુરૂપ નથી, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમને ત્યાંથી હટાવી દેવામાં આવે.'

સંસદના મોનસૂન સત્ર દરમિયાન બે દિવસની ચર્ચા અને ગરમાગરમી બાદ આજે સંસદના નીચલા ગૃહ લોકસભામાં એન્ટી પેપરલીક બિલ એટલે કે The Public Examination (Prevention of Unfair Means) Amendment Bill, 2026 પાસ થઈ ગયું. આ દરમિયાન સદનમાં સતત હંગામો થતો જોવા મળ્યો. ત્યારબાદ લોકસભાની કાર્યવાહી આવતીકાલે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. બિલ પાસ થયું તે પહેલા નેતા વિપક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જેનો સત્તા પક્ષે આકરો વિરોધ કર્યો અને તેમની પાસે માફીની માંગણી પણ કરી. જેના પર સદનમાં બંને પક્ષ તરફથી ખુબ હંગામો જોવા મળ્યો. ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીના કથિત અસંસદીય શબ્દોના ઉપયોગને લઈને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ જોવા મળી.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીમાં વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિદ્યાર્થીઓ પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો. જેના પર સદનમાં ખુબ હંગામો થયો અને રાહુલ ગાંધી પાસે માફીની માંગણી કરાઈ. ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીના ભાષણમાં કથિત અસંસદીય શબ્દોના ઉપયોગને લઈને પણ સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી. જેના કારણે ભારે હંગામો થયો.

ગૃહ મંત્રી અમિત શાહ પર રાહુલ ગાંધીના આરોપો પર પીએમ કાર્યાલયમાં રાજ્યમંત્રી જિતેન્દ્રસિંહે આ ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે નેતા વિપક્ષને એ ખબર હોવી જોઈએ કે ગોળી ચલાવવાનો આદેશ મંત્રી નહીં, મેજિસ્ટ્રેટ આપે છે. જો કે પ્રદર્શનકારીઓ પર ગોળી ચલાવવામાં આવી જ નહતી, ફક્ત ટીયર ગેસના સેલ છોડાયા હતા.

રાહુલ ગાંધીએ સદનની બહાર કહ્યું કે ગૃહ મંત્રી અમિત શાહે એ સ્પષ્ટતા કરવી જોઈએ કે તેમણે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો કે નહીં.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે UNSC ગજવ્યું

## તાત્કાલિક હુમલા બંધ કરો : ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૯ : પશ્ચિમ એશિયામાં ઝડપથી બદલાઈ રહેલી સ્થિતિ વચ્ચે ગાઝામાં ચાલતું યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા હુમલા અને લાલ સાગરમાં અસુરક્ષાના કારણે વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા પર ગંભીર અસર પડી રહી છે. આવી સ્થિતિમાં ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર કોમર્શિયલ જહાજો અને નાગરિક પાયાની સુવિધાઓને ટાર્ગેટ કરવાની બાબત કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.તાજેતરમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર થયેલા હુમલામાં ૧ ભારતીય નાગરિકનું મોત થયું છે, અસંખ્ય ભારતીયો ઈજાગ્રસ્ત થયા છે અને ૧ ભારતીય હજુ પણ ગુમ છે. વર્તમાન સમયમાં ખાડી દેશોમાં લગભગ ૧ કરોડ ભારતીયો રહે છે અને કામ કરે છે. ભારતે વિશ્વ સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે પોતાના નાગરિકોની સુરક્ષા તેના માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.પશ્ચિમ એશિયા ભારત માટે ઊર્જા સુરક્ષાની કરોડરજ્જુ છે. આ ક્ષેત્ર સાથે ભારતનો વાર્ષિક લગભગ ૧૮૦ અબજ યુએસ ડોલરનો વેપાર થાય છે, જ્યારે ૩૧ અબજ ડોલરથી વધુનું સીધું વિદેશી રોકાણ (FDI) અને ૫૨ અબજ ડોલરથી વધુનું વાર્ષિક રેમિટેન્સ જોડાયેલું છે. જો હોર્મુઝ કે આસપાસના દરિયાઈ માર્ગો અસુરક્ષિત બને તો તેની સીધી અસર ભારતની અર્થવ્યવસ્થા અને તેલ પુરવઠા પર પડી શકે છે.ભારતે UNSC માં જીએફએસ ગેલેક્સી, એમટી અલ બહિયા અને એમટી મોમ્બાસા જેવા જહાજો પર થયેલા હુમલાની સખત નિંદા કરી છે.

આ સાથે જ ભારતે ગાઝામાં જારી ગંભીર માનવીય સંકટ પર ચિંતા વ્યક્ત કરતા ફિલિપાઈન્સ/ફિલિસ્તીન મુદ્દે બે-રાષ્ટ્ર ઉકેલ માટે પોતાનું સમર્થન દોહરાવ્યું છે.

## પેપર લીક પર વિદ્યાર્થીઓનો ગુસ્સો યોગ્ય હતો : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)



નવી દિલ્હી, તા.૨૯

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પેપર લીક વિરોધી બિલ પર બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે દેશનું ભવિષ્ય રસ્તા પર ઉતરી ગયું છે. ભાજપના આપણા મિત્રોએ પણ પોતાના બાળકોને પૂછવું જોઈએ કે શું ખોટું થયું છે. ભાજપના નેતાઓના બાળકો પણ આંદોલન સાથે સહમત થશે. રાહુલ ગાંધીએ કહ્યું પેપર લીક પર વિદ્યાર્થીઓનો ગુસ્સો યોગ્ય હતો. લોકસભામાં બોલતા રાહુલ ગાંધીએ કહ્યું કે, વિરોધ પ્રદર્શનોમાં કોઈ ગુસ્સો કે દ્વેષ નહોતો. દેશના યુવાનોનું સન્માન કરવું જોઈએ. વિદ્યાર્થીઓને રસ્તા પર ઉતરવાની ફરજ પાડવામાં આવી રહી છે. તેઓ આપણા દેશનું ભવિષ્ય છે. દેશ વિદ્યાર્થીઓની લાગણીઓ સમજે છે. યુવાનોનો ગુસ્સો યોગ્ય છે. દરેક ભારતીયને વિદ્યાર્થીઓ પર ગર્વ છે. વિદ્યાર્થીઓ સમજે છે કે દુનિયા કેવી રીતે બદલાઈ રહી છે. યુવાનો હંમેશા સત્યની પાછળ દોડે છે.

લોકસભામાં મંગળવારે એન્ટી પેપરલીક બિલ પર ચર્ચાની શરૂઆત થઈ હતી. આ બિલની આજે પણ સંસદમાં ચર્ચા ચાલુ હતી. લોકસભામાં બુધવારે કાર્યવાહી શરૂ થતા જ વિપક્ષના સભ્યોએ હંગામો શરૂ કર્યો. હંગામાના કારણે સદનની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત પણ કરાઈ હતી. ત્યારબાદ ફરીથી ચર્ચા શરૂ થઈ.

**સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો**

## પારનેરા ડુંગર પર કોલેજીયન સાથે દુષ્કર્મના આરોપીને ૧૦ વર્ષની કેદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** ચાર વર્ષ અગાઉ વલસાડના ઐતિહાસિક પારનેરા ડુંગર પર ફરવા આવેલા પ્રેમી પંખીડાને ક્રાઈમ રિપોર્ટર ની ઓળખાણ આપી પ્રેમીને ધમકાવી ભગાડી બાદ યુવતીને ડુંગર લઈ જઈ દુષ્કર્મ કરનાર મુંબઈ સાન્તાક્રુઝના આરોપીને વલસાડની કોર્ટે ૧૦ વર્ષની સખત કેદ અને ૧.૧૫ લાખ રૂપિયા નો દંડ ભરવો દંડ નહીં ભરે તો વધુ ૧૦ માસની સજા ફટકારતો ચુકાદો આપ્યો છે

વલસાડ શહેરમાં રહેતી અને કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય યુવતી તેના પ્રેમી સાથે તા. ૧૮-૦૪-૨૨ ના રોજ વલસાડના જાણીતા ઐતિહાસિક એવા પારનેરા ડુંગર પર વીરાજેલા માતાજીના દર્શન કરવા માટે યુવતી તેના પ્રેમી સાથે મોપેડ પર સવાર થઈને અતુલ કંપની તરફ થી જતા ડુંગર ચઢવાના પગથિયાથી માતાજીના ડુંગર પર ગયા હતા. માતાજીના દર્શન કર્યા બાદ સવારે ૮-૧૫ વાગ્યે અતુલ કંપની તરફ થોડે આગળ મોપેડ પાર્ક કરીને, ડુંગરની અંદરની બાજુમાં આવેલ જંગલમાં બંને પ્રેમીપંખીડાઓ એકાંત માણવા બેઠાં હતાં. તે સમયે ત્યાં બાઈક નં. જીજે.૧૫/બી.એન./૯૬૯૫ પર આવેલા ૩૫ વર્ષીય અજાણ્યો ઈસમ પોતાને ક્રાઈમ રિપોર્ટર કહીને પ્રેમી પંખીડાને ધમકાવી ડી. એસ.પી ઓફિસ લઈ જવા પડશે. અને મારી સાથે આવો તેમ કહેતા ગભરાવીને પ્રેમીના ખિસ્સામાંથી રૂપિયા ૫૦૦ કાઢી લઈ તેને બગાડી દીધો હતો અને જે બાદ પ્રેમિકાને ડીએસપી ઓફિસે લઈ જવાની ધમકી આપી મોપેડ પર બેસાડી ચીચુવાડા તરફ જતા સુનસામ રસ્તેથી નજીક આવેલ જંગલમાં તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ કર્યો હતો. જે બાદ આરોપીએ કોઈને જાણ કરશે તો દરરોજ તારી કોલેજ સુધી પીછો કરી તારા પરિવારને જાણ કરી બદનામ કરવાની ધમકી આપી ભાગી શક્યો હતો.

જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રેમીકા એ ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં આરોપી પંકજ સમર બહાદુર સિંઘ રહે સહી પાર્ક અબ્રામા તથા ઉદવાડા રેટલાવ રહે.તા પારડી મૂળ રહે. ઘોસાવ યુપી. નું નામ બહાર આવતા એસઓજી ટીમના તાત્કાલિન પીઆઈ ગોસ્વામી તેમની ટીમ સાથે આરોપી પંકજસિંહ ને શાંતાક્રુઝ સ્પીચ મુંબઈ માંથી તારીખ ૦૪/૦૩ ૨૦૨૩ ના રોજ ધરપકડ કરી હતી.

જે અંગેનો કેસ વલસાડની ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં ચાલતા સરકાર પક્ષે એપીપી નવીનભાઈ પ્રજાપતિ એ દલીલો ને ગ્રાહ્ય રાખી કોર્ટના વિદ્વાન જજ નીપાબેન સી. રાવલે આરોપી પંકજ સમર બહાદુર સિંઘ ને ૧૦ વર્ષની સખત કેદની સજા અને ૧.૧૫ લાખ રૂપિયા નો દંડ ભરવો દંડ નહીં ભરે તો વધુ ૧૦ માસની સાદી કેદની સજા ફટકારતો ચુકાદો આપ્યો છે.

### ઔરંગા નદીના ધસમસતા પૂરનું પાણી ઘૂસતા

## કરંજવેરીને નહેર તોડી બચાવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે ઔરંગા નદીના ધસમસતા પૂરના પાણી સીધા કરંજવેરી ગામમાં ઘૂસી જતા ગામના મહાદેવ ફળિયા,પૂર્વ કોળીવાડ વિસ્તારમાં અને મુખ્ય માર્ગો પર જોતજોતામાં ૮ થી ૧૦ ફૂટ જેટલા નદીના પાણી ભરાઈ ગયા હતા. સવારે ૬ વાગ્યાની આસપાસ ઘરોમાં માત્ર ૧ ફૂટ પાણી હતું,

વલસાડ ના કરંજવેરી ગામમાં ભરાયેલા ઔરંગા નદીના પૂરના પાણીનો નિકાલ માટે એક માત્ર રસ્તો હતો ગામમાંથી પસાર થતી નહેર સ્થિતિ વણસતી જોઈને ગ્રામજનોએ તાત્કાલિક સરપંચ, તલાટી અને સિંચાઈ વિભાગના અધિકારીઓને જાણ કરી. સિંચાઈ વિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને ગામમાં ભરાયેલા ઔરંગા નદીના પાણી કાઢવા માટે કાકરાપાર નહેરને તોડવાનો મોટો નિર્ણય લીધો હતો.જે બાદ અધિકારીઓ અને ગ્રામજનોની સહમતિ બાદ તાત્કાલિક JCB મશીન બોલાવીને કાકરાપાર નહેરનો અમુક ભાગ તોડી પાડવામાં આવ્યો હતો . નહેર તોડતાની સાથે જ ગામમાં ભરાયેલા ઔરંગા નદીના પાણીને બહાર નીકળવા માટે રસ્તો મળી ગયો અને પાણી નહેરમાં થઈને આગળ ડાયવર્ટ થયું હતું.વલસાડ ની ઔરંગા નદીના પાણી ગામમાં ભરાઈ ગયા હતા અને તેમાં સતત વધારો થતો હતો. જેથી ગામને વધુ નુકસાન અને જાનમાલની હાનિ ન થાય તે માટે નહેર તોડીને પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓના સમયસર લેવાયેલા આ નિર્ણયથી કાંજણહરી ગામ એક મોટા વિનાશમાંથી ઉગરી ગયું હતું.

## નનકવાડામાં જરુરીયાતમંદોને રાશન કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** તાજેતરમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિનો સામનો કરી રહેલા નનકવાડા ગામના પૂર-ભાવિત વિસ્તારોમાં સ્થાનિક અગ્રણીઓ અને પ્રશાસન દ્વારા રાહત કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે. પૂરગ્રસ્તોની મદદ માટે હાથ ધરાયેલા આ ખાસ રાહત અભિયાન હેઠળ અસરગ્રસ્ત લોકોને જીવનજરૂરી સામગ્રીની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાહત અભિયાન દરમિયાન સરપંચ સંઘના પ્રમુખ વિનોદભાઈ પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પૂરથી અસરગ્રસ્ત પરિવારોની રૂબરૂ મુલાકાત લઈ તેમની તકલીફો જાણી હતી અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કીટ સોંપીને આશ્વાસન આપ્યું હતું. સ્થાનિક અગ્રણીઓએ જણાવ્યુ હતું કે પૂર-ભાવિત વિસ્તારના એકપણ નાગરિકને મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક -શાસન અને નેતાઓ સતત કાર્યરત છે અને આગળ પણ આવી જ રીતે રાહત સહાય પૂરી પાડવામાં આવશે.

## સમરોલીની કાલા ખાડી પરના કાસને ખુલ્લો કરવા જિલ્લા કલેકટરે સુચન કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૯ :** ચીખલી તાલુકામાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર વરસાદી પાણીનું સામ્રાજ્ય ફેલાવવા પામ્યું હતું ચીખલી તાલુકાના સંખ્યાબંધ ગામોમાં આવેલ ખાડી અને કોતરોમાં ઠેર ઠેર કચરો ભરાવાના કારણે વરસાદી પાણીનો નિકાલ ન થતા સંખ્યાબંધ કાચા અને પાકા મકાનોમાં વરસાદી પાણી ભરાઈ જતા સંખ્યાબંધ પરિવારોને વ્યાપક નુકસાન થવા પામ્યું છે દરમિયાન સમરોલી વિસ્તારમાંથી પસાર થતી કાલાખાડી માંથી પાણીનો નિકાલ ન થતા તેમજ સમરોલી નજીક આવેલ કચ્છી ચાલમાં વરસાદી પાણી સંખ્યાબંધ મકાનોમાં ફરી વળતા આ વિસ્તારના રહીશોને ભારે નુકસાન તેમજ આર્થિક બોજ ઉઠાવવાની નોબત આવી હતી જોકે વારંવાર સમસ્યાઓથી વાઝ આવી ગયેલા રહીશોએ ચીખલી તાલુકા મામલતદાર, પ્રાંત અધિકારી તેમજ જિલ્લા કલેકટરને આ બાબતે રજૂઆતો કરતા નવસારી જિલ્લા કલેકટર મનીષ ગુરવાની એ તત્કાલ ડ્રેનેજ પેટા વિભાગને સ્થળ તપાસ કરવાનો આદેશ કરી આગળની કાર્યવાહી કરવા જણાવ્યું છે જોકે આ બાબતે ડ્રેનેજ પેટા વિભાગના અધિકારીઓએ ગુરુવારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાનું જણાવ્યું હતું.

## આલીપોરની વસુધારા ડેરીના નિવૃત્ત એમડીનું ટૂંકી માંદગી બાદ નિધન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૯ :** ચીખલી તાલુકાના આલીપોર ખાતે આવેલ વસુધારા ડેરીના નિવૃત્ત એમડી નરેન્દ્રભાઈ વશી નું ટૂંકી માંદગી બાદ નિધન. વસુધારા ડેરીમાં ચાર દાયકાથી વધુ સમયથી ફરજ બજાવતા અને છેલ્લે એમડી તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા નરેન્દ્રભાઈ વશીનું ટૂંકી માંદગી બાદ બુધવારે સવારે તેમના નિવાસસ્થાન મજીગામ ખાતે દુઃખદ અવસાન થયું છે વસુધારા ડેરીમાં લાંબા સમય સુધી ફરજ બજાવીને વસુધારા ડેરીને પ્રગતિના સોપાન ઉપર લઈ જનાર નરેન્દ્ર ભાઈ વશી ના પાર્થિવ દેહને બપોરે આલીપોર વસુધારા ડેરી ખાતે લાવવામાં આવ્યો હતો જ્યાં ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ, કામદારો તેમજ વસુધારા ડેરીના ચેરમેન રાજાભાઈ પટેલ, ઈન્ચાર્જ એમડી વિજયભાઈ કાપડિયા, કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, માજી સાંસદ કાનજીભાઈ પટેલ, કવોરી એસોસિએશનના પ્રમુખ સલીમભાઈ પટેલ, સહકારી મંડળીના હોદ્દેદારો અને દૂધ ઉત્પાદકો તેમજ વસુધારા ડેરીના ડિરેક્ટરોએ સદગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા જેવા આદિવાસી વિસ્તારમાં વસુધારા ડેરીને વિકાસના પંથે લઈ જવામાં સદગતની ભૂમિકા અગ્રેસર રહેવા પામી હતી.

## ગુરુપૂર્ણિમા નિમિત્તે મંત્રી કનુભાઈ દેસાઈએ સંતોના આશીર્વાદ લીધા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** ગુરુપૂર્ણિમાના અવસરે ગુજરાત રાજ્યના નાણાંમંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તેમજ વાપી નગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલે સલવાવના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની મુલાકાત લઈ પુરાણી સ્વામી કેશવચરણદાસજીનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે રામ સ્વામી, હરિ સ્વામી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સંતો સાથે ગુરુપૂર્ણિમાની શુભેચ્છાઓની આપ-લે કરી ધર્મ, સંસ્કાર અને સમાજસેવાના કાર્ય અંગે ચર્ચા કરી હતી.મુલાકાત દરમિયાન ગુરુકુળના સંતો અને ટ્રસ્ટીઓએ તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે સંસ્થામાં સર્જાયેલી પૂરની સ્થિતિ અને તેના પરિણામે થયેલા વ્યાપક નુકસાન અંગે નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈને માહિતગાર કર્યા હતા. તેમણે સંસ્થાની હાલની પરિસ્થિતિથી અવગત થઈ જરૂરી સહકાર અને રાહત અંગે ચર્ચા કરી હતી.

## વલસાડમાં પત્રકારોની પત્નીઓનું સહેલી ગૃપ પૂરગ્રસ્તોને વ્હારે આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૨૯ :** વલસાડના રહીશો તા.૨૩ જુલાઈની ભયાવહ કાળરાત્રિ ક્યારેય ભૂલી ન શકશે, જ્યારે મેઘરાજાના રૌદ્ર સ્વરૂપ અને ઔરંગા નદીના ગાંડાતૂર પ્રવાહે અનેક હસતા-રમતા પરિવારોને રડતા કરી દીધા હતા. શહેરના નીચાણવાળા વિસ્તાર હનુમાન ભાગડા, ભાગડાવાડા, શેઠિયા નગર, કૈલાશ રોડ અને ગોલીબાર સહિતના વિસ્તારોમાં જોતજોતામાં લોકોના આશિયાના અને જીવનભરની કમાણી કાદવ-પાણીમાં ગરકાવ થઈ ગઈ, અમીર હોય કે ગરીબ, સૌની આંખોમાં માત્ર લાચારી અને વેદના તરી રહી હતી. પૂરના પાણી ઓસર્યા બાદ તારાજીના જે હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા, તે કોઈનું પણ કાળજું કંપાવી દે તેવા હતા. પરંતુ, મુશ્કેલીની આ કારમી ઘડીમાં આ ખમીરવંતા વલસાડના ઘા પર મલમ લગાવવા જિલ્લા વહીવટી તંત્રની સાથે માનવતાનો અવિરત પ્રવાહ પણ વહેતો થયો છે. જેમના કલમથી લોકોના દુઃખને વાચા મળે છે તેવા પત્રકારોના ધર્મપત્નીઓનું હૃદય પણ લોકોની આ પીડા જોઈને દ્રવી ઉઠ્યું, અને સંવેદનાસભર હૈયે તેઓએ એકત્રિત થઈ ''સહેલી ગ્રૂપ'' બનાવી પીડિતોને હૂંફ આપવાનું બીડું ઝડપ્યું છે. આજરોજ આ ''સહેલી ગ્રૂપ''ની મહિલાઓએ કાદવ ખૂંદીને નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી અને સર્વસ્વ ગુમાવી ચૂકેલા, ભૂખ્યા-તરસ્યા જરૂરિયાતમંદોને માતાજીના આશીર્વાદરૂપે કપડાં, સૂકો નાસ્તો, પીવાનું શુદ્ધ પાણી અને મહિલાઓના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા કરી સેનેટરી પેડ્સનું વિતરણ કર્યું હતું. આ કપરા સમયે પત્રકાર પરિવારની મહિલાઓએ પીડિતોના આંસુ લૂછીને માનવતા, કરુણા અને માતૃત્વનું એક એવું હૃદયસ્પર્શી ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેની સુવાસ વલસાડમાં હંમેશા મહેકતી રહેશે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આ ચોમાસામાં, આવો જોડાઈએ
કેચ ધ રેઈન
અભિયાનમાં,
અને લઈએ જળસંચયનો સંકલ્પ
...કારણ કે જળ છે તો આપણે છીએ
"કેચ ધ રેઈન - આ અભિયાન હેઠળ વરસાદના પાણીના એક-એક ટીપાંને આપણે સૌએ મળીને બચાવવાનું છે. મારો ખાસ આગ્રહ છે કે વરસાદના પાણીનું દરેક ટીપું આપણે બચાવીએ."
– નરેન્દ્ર મોદી, વડાપ્રધાન, ભારત
આપણે શું કરવાનું છે?
દરેક ઘર, સોસાયટી અને કામકાજના સ્થળ પર રેઈન વૉટર હાર્વેસ્ટિંગ ટેકનિક અપનાવીએ
યોગ્ય જગ્યા પસંદ કરીને રિચાર્જ પિટ તથા શાફ્ટ બનાવશો અને બિન-ઉપયોગી બોરવેલને ઠીક કરીને ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ કરીએ
વાવ, કૂવા અને પરંપરાગત જળ સંરચનાઓમાં જરૂરી સુધારા કરી તેને વપરાશ યોગ્ય બનાવીએ
વરસાદી જળનો મહત્તમ સંગ્રહ થાય તે માટે આસપાસના તળાવો, જળાશયોમાંથી કાંપ કાઢીને જળધારણ ક્ષમતામાં વધારો કરીએ
જળગ્રહણ ક્ષેત્રોમાં વધુમાં વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારીએ
"વરસાદના એક-એક ટીપાંને જમીનમાં ઉતારી આપણી આવતીકાલને જળ-સુરક્ષિત અને પાણીદાર બનાવવાનો અમારો અડગ સંકલ્પ છે." - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત